

PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 196
Dt.: 22-05-2026,
Friday
Page:04
Rs.00.50 paisa


### ટેલિફોનિક વાતચીતમાં ઝઘડો થયાનો દાવો

# ઈરાન પર ફરી હુમલા મુદ્દે ટ્રમ્પ-નેતન્યાહૂ વચ્ચે મતભેદ!

**નેતન્યાહૂ ઈરાનની સૈન્ય ક્ષમતા અને તેના મહત્ત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નબળું પાડવા માટે ફરીથી હુમલા શરૂ કરવા માંગે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

ઈરાનને લઈને અમેરિકા અને ઈઝરાયલ વચ્ચેની વ્યૂહનીતિના મતભેદો હવે ખુલ્લેઆમ સામે આવી રહ્યા છે. અમેરિકન મીડિયા અહેવાલો અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પ અને બેન્જામિન નેતન્યાહૂ વચ્ચે તાજેતરમાં થયેલી ફોન કોલ પરની વાતચીત ઘણી તણાવપૂર્ણ રહી હતી. બંને નેતા વચ્ચે સૌથી મોટો વિવાદ એ વાત પર હતો કે ઈરાન પર ફરીથી સૈન્ય હુમલો કરવો જોઈએ કે પછી વાતચીત દ્વારા સમજૂતીના પ્રયાસો ચાલુ રાખવા જોઈએ.

અહેવાલો મુજબ, નેતન્યાહૂ ઈરાનની સૈન્ય ક્ષમતા અને તેના મહત્ત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સંપૂર્ણપણે નબળું પાડવા માટે ફરીથી હુમલા શરૂ કરવા માંગે છે. અમેરિકન વેબસાઈટ છટૈંજ એ સૂત્રોના હવાલાથી દાવો કર્યો છે કે ફોન કોલ પછી નેતન્યાહૂ ખૂબ જ ગુસ્સામાં અને અશાંત દેખાતા હતા. અહેવાલો પ્રમાણે, આ વાતચીતમાં બંને નેતાઓ ભારે આક્રોશ અને તણાવમાં હતા. વાસ્તવમાં, ટ્રમ્પે તાજેતરમાં જ કહ્યું હતું કે તેમણે ઈરાન પર સૂચિત હુમલાને હાલ પૂરતો ટાળી દીધો છે. એવું જાણવા મળ્યું છે કે કતાર, UAE અને અન્ય આરબ દેશોએ અમેરિકાને તણાવ ઓછો કરવા અપીલ કરી હતી, જેના કારણે સૈન્ય કાર્યવાહી રોકી દેવામાં આવી છે. આ સાથે જ પાકિસ્તાન અને કતારની મધ્યસ્થતામાં એક નવો શાંતિ પ્રસ્તાવ પણ તૈયાર કરવામાં આવ્યો છે, જેનો મુખ્ય હેતુ અમેરિકા અને ઈરાન વચ્ચે સમજૂતીની ભૂમિકા તૈયાર કરવાનો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ટ્રમ્પે નેતન્યાહૂ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મધ્યસ્થ દેશો એક 'લેટર ઓફ ઈન્ટેન્ટ' તૈયાર કરી રહ્યા છે, જેના પર અમેરિકા અને ઈરાન હસ્તાક્ષર કરી શકે છે. આ પ્રસ્તાવ હેઠળ ૩૦ દિવસ સુધી વાતચીત ચાલશે, જેમાં ઈરાનના પરમાણુ કાર્યક્રમ અને હોર્મુઝની ખાડીને ખોલવા જેવા ગંભીર મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

જો કે, ઈઝરાયલ આ સમગ્ર પ્રક્રિયાને લઈને ભારે આશંકાઓ સેવી રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, ઈઝરાયલ સરકારની અંદર એક મોટો વર્ગ માને છે કે ઈરાન જાણીજોઈને વાતચીતને લાંબી ખેંચી રહ્યું છે અને આ સમય દરમિયાન પોતાની સ્થિતિ વધુ મજબૂત કરવામાં વ્યસ્ત છે. આ જ કારણે ઈઝરાયલ ફરીથી સૈન્ય કાર્યવાહીની તરફેણમાં છે.

જો કે ટ્રમ્પે એ પણ સ્પષ્ટ કર્યું છે કે જો આ વાતચીત સફળ નહીં થાય તો અમેરિકા ફરીથી યુદ્ધનો રસ્તો અપનાવી શકે છે. જો યોગ્ય જવાબ નહીં મળે તો પરિસ્થિતિ ખૂબ જ ઝડપથી બદલાઈ શકે છે.'

બીજી તરફ, ઈરાને પણ સ્પષ્ટતા કરી દીધી છે કે, તેઓ તેમના ૧૪ મુદ્દાના પ્રસ્તાવના આધારે જ વાતચીત આગળ વધારશે. ઈરાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે વાર્તાલાપ ચાલુ છે, પરંતુ અત્યારે કોઈ સમજૂતી પર પહોંચવું સરળ દેખાતું નથી. આ બધી બાબતો પરથી સ્પષ્ટ થાય છે કે ઈરાન મુદ્દે અમેરિકા અને ઈઝરાયલ હાલમાં એક સરખા વિચાર પર નથી. એક તરફ ટ્રમ્પ રાજકીય વ્યૂહનીતિના આધારે ઈરાનને તક આપવા માંગે છે, તો નેતન્યાહૂનું માનવું છે કે ઈરાન પર દબાણ જાળવી રાખવાનો સૌથી અસરકારક રસ્તો સૈન્ય કાર્યવાહી જ છે.

### દેશમાં કોઈ મહિલા એટર્ની જનરલ બની નથી

# સરકારી પેનલમાં મહિલા વકીલોને ૩૦% અનામત કેમ નહીં? સુપ્રીમ

### કાનૂની વ્યવસાયમાં મહિલાઓ અંગે કરાયેલા સર્વેના અનુસંધાને સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતની સર્વોચ્ચ અદાલતે બુધવારે કેન્દ્ર સરકાર, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નોટિસ જારી કરી હતી. આ જાહેર હિત અરજીમાં દેશભરમાં સરકારી વકીલોની પેનલ અને કાનૂની અધિકારીઓની નિમણૂકમાં મહિલા વકીલો માટે ઓછામાં ઓછા ૩૦ ટકા અનામત સુનિશ્ચિત કરવા દિશાનિર્દેશ આપવા માંગ કરવામાં આવી છે.ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચી અને ન્યાયમૂર્તિ વિપુલ એમ. પંચોલીની બેન્ચે મામલાની ટૂંકી સુનાવણી બાદ આ આદેશ આપ્યો હતો. ટૂંકી સુનાવણી દરમિયાન વરિષ્ઠ વકીલ અને સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના અધ્યક્ષ વિકાસ સિંહે કાનૂની ક્ષેત્રમાં મહિલાઓને આવતી મુશ્કેલીઓ અંગેના તાજેતરના સર્વેનો ઉલ્લેખ કર્યો અને સર્વોચ્ચ અદાલતને સરકારી કાનૂની પેનલ તથા કાનૂની



અધિકારીઓની નિમણૂકમાં મહિલાઓને વધુ સ્થાન આપવા વિનંતી કરી. તેમણે રજૂઆત કરતાં કહ્યું, "આ એસોસિયેશન દ્વારા કાનૂની વ્યવસાયમાં મહિલાઓ અંગે કરાયેલા સર્વેના અનુસંધાને છે. તેમને સરકારી પેનલોમાં સામેલ કરવાની જરૂર છે." રજુઆતો સાંભળ્યા બાદ ચીફ જસ્ટિસની આગેવાનીવાળી બેન્ચે મામલાની સુનાવણી કરવા સંમતિ આપી અને આગામી અઠવાડિયે વધુ સુનાવણી માટે યાદીબદ્ધ કર્યો. લાડલી ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજીમાં "તમામ હાઈકોર્ટ પેનલ, સરકારી કાનૂની અધિકારીઓના પદો અને કેન્દ્ર તથા રાજ્ય સરકારો/જાહેર ક્ષેત્રની સંસ્થાઓની કાનૂની પેનલોમાં મહિલા વકીલો માટે ઓછામાં ઓછા ૩૦ ટકા અનામત અમલમાં મૂકવા" દિશાનિર્દેશ આપવા માંગ કરવામાં આવી છે.સરકારી કાનૂની પેનલ અને કાનૂની અધિકારીઓની નિમણૂકો બંધારણીય અદાલતો, ટ્રિબ્યુનલ અને અન્ય ન્યાયિક મંચો સમક્ષ રાજ્યના કાનૂની પ્રતિનિધિત્વનો મહત્વપૂર્ણ ભાગ છે, તેથી તેમાં સમાનતા અને યોગ્ય પ્રતિનિધિત્વના બંધારણીય સિદ્ધાંતો હોવા જોઈએ. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં બાર કાઉન્સિલ તથા ગવર્નિંગ બોડીમાં મહિલાઓ માટે અનામત રાખવાના નિર્દેશ આપ્યા હતા. તેનો સંદર્ભ આપીને આ પ્રકારના પગલાં સરકારી પેનલમાં ભરવા માટે દાદ માગવામાં આવી હતી. અરજીમાં થયેલી રજૂઆત મુજબ, સ્વતંત્ર ભારતમાં કોઈ પણ મહિલાએ એટર્ની જનરલ કે સોલિસિટર જનરલ ઓફ ઈન્ડિયા તરીકે સેવા આપેલી નથી. દેશની વિવિધ હાઈકોર્ટમાં એડિશનલ સોલિસિટર જનરલ તરીકે પણ કોઈ મહિલા કાર્યરત નથી.

### રેપો રેટ વધે તેવા સંકેત

# રૂપિયાને મજબૂત કરવા આરબીઆઈ મોંઘવારીના ઝેરનો ઘૂંટડો પ્રજાને પીવડાવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ડોલર સામે રૂપિયામાં આવી રહેલા રેકોર્ડબ્રેક ઘટાડાએ ભારતીય રિઝર્વ બેન્ક (RBI)ની ચિંતાઓ વધારી દીધી છે. રૂપિયાના આ ઘટાડાને રોકવા અને દેશની અર્થવ્યવસ્થાને સ્થિરતા આપવા માટે RBI હવે કેટલાક કડક પગલાં ઉઠાવી શકે છે, જેમાં વ્યાજદરોમાં વધારો કરવો પણ સામેલ છે. એક રિપોર્ટ અનુસાર, RBI ગવર્નર સંજય મલ્હોત્રા સહિતના ટોચના અધિકારીઓએ હાલના દિવસોમાં આ મામલે મહત્ત્વની બેઠકો કરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, આ બેઠકોમાં રૂપિયાની સ્થિતિ સંભાળવા માટે વ્યાજદરો વધારવાથી લઈને વિદેશી રોકાણકારો પાસેથી ડોલર એકઠા કરવા જેવા તમામ કડક વિકલ્પો પર ગંભીરતાથી વિચાર કરવામાં આવી રહ્યો છે.

આ સપ્તાહે રૂપિયો ડોલરની સામે તેના ઐતિહાસિક નીચલા સ્તરેથી ગગડીને પ્રતિ ડોલર આશરે ૯૭ના નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયો છે. રૂપિયાની આ નબળાઈને રોકવા માટે રેપો રેટમાં વધારો કરવાનો વિકલ્પ ખૂબ જ અસરકારક સાબિત થઈ શકે છે અને RBI આ બાબત પર ખૂબ જ ગંભીરતાથી વિચાર કરી રહી છે. આમ તો RBIની આગામી એમપીસી (MPC) બેઠક ૫ જૂનથી શરૂ થવાની છે, પરંતુ કટોકટીની ગંભીરતાને જોતા રિઝર્વ બેન્ક નક્કી કરેલા કાર્યક્રમ પહેલા પણ ઈમરજન્સી મીટિંગ બોલાવીને રેટ્સમાં ફેરફાર કરી શકે છે. આ પહેલા પણ મે ૨૦૨૨માં RBI નક્કી કરેલા શિડ્યુલથી અલગ જઈને અચાનક વ્યાજદરો વધારી ચૂકી છે.

જો RBI દ્વારા વ્યાજદરોમાં વધારો કરવામાં આવશે, તો દેશની બેંકોને કેન્દ્રીય બેન્ક પાસેથી મોંઘા દરે ધિરાણ મળશે. પરિણામે, કોમર્શિયલ બેંકો પણ સામાન્ય જનતા માટે હોમ લોન, કાર લોન અને પર્સનલ લોનના વ્યાજદરો વધારી દેશે. બેન્કો દ્વારા વ્યાજદર વધારવાના કારણે સામાન્ય માણસ પર માસિક EMIનો બોજ સીધો વધી જશે, જેનાથી લોન લેવી વધુ મોંઘી બનશે.

રૂપિયાના મૂલ્યમાં અપેક્ષા કરતાં ખૂબ જ ઝડપી ઘટાડો થઈ રહ્યો છે. જો કે, આપણા દેશની આર્થિક સ્થિતિ અને બેંકિંગ સિસ્ટમ સંપૂર્ણપણે મજબૂત અને સ્થિર છે, છતાં વૈશ્વિક દબાણના કારણે આ મજબૂતી એક્સચેન્જ રેટમાં દેખાઈ રહી નથી. આ કપરી પરિસ્થિતિને પહોંચી વળવા માટે RBI વર્ષ ૨૦૧૩ના ટેપર ટેન્ટ્રમ સંકટ સમયના ફોર્મ્યુલાને ફરીથી અપનાવવા પર ગંભીર વિચારણા કરી રહી છે. તે સમયે પણ રૂપિયાના ગગડતા મૂલ્યને બચાવવા માટે, વિદેશી ચલણનો પ્રવાહ વધારવાના આશયથી સ્થાનિક બેંકો દ્વારા વિશેષ નોન રેસિડેન્શિયલ ઈન્ડીયન (NRI) ડિપોઝિટ સ્કીમ શરૂ કરવામાં આવી હતી.

રૂપિયાની સ્થિતિ સુધારવા માટે દેશના વિદેશી મુદ્રા ભંડારને વધારવો ખૂબ જ મહત્ત્વનો છે અને તેના માટે RBI આ વખતે મોટા પાયે ફંડ એકત્રિત કરવાની પ્લાનિંગ કરી રહી છે. RBIનો અંદાજ છે કે NRI માટે વિશેષ ડિપોઝિટ સ્કીમ લાવીને આ વખતે આશરે ૫૦ અબજ ડોલર સુધીનું ફંડ મેળવી શકાય છે, જ્યારે ૨૦૧૩ના સંકટ દરમિયાન આ જ સ્કીમ દ્વારા ૩૦ અબજ ડોલર એકઠા કરવામાં આવ્યા હતા.

બજારમાં ડોલરની અછતને દૂર કરવા માટે આરબીઆઈ અન્ય દેશોની કેન્દ્રીય બેંકો સાથે વધારાના કરન્સી સ્વાપ એગ્રીમેન્ટ (ચલણની અદલાબદલીના કરાર) કરી શકે છે. આ સિવાય, વિદેશોમાંથી સીધા ડોલર મેળવવા માટે સરકારની મદદથી સોવરિન ડોલર બોન્ડ જાહેર કરવા પર પણ ગંભીર વિચારણા ચાલી રહી છે, જો કે આ બોન્ડ જાહેર કરવા અંગેનો અંતિમ નિર્ણય સંપૂર્ણપણે કેન્દ્ર સરકાર દ્વારા જ લેવામાં આવશે.

# સાયબર ઠગો પર Appleની સર્જિકલ સ્ટ્રાઈક: ૨૦૨૫માં ૧૮ હજાર કરોડનું ફ્રોડ ટ્રાન્ઝેક્શન રોક્યું, લાખો યુઝર્સ બચ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ટેક જગતની સૌથી મોટી કંપનીઓમાની એક Appleએ એક મોટો ખુલાસો કરતા જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૫ દરમિયાન તેણે પોતાના App Store પર અંદાજે ૨.૨૨ બિલિયન ડોલર એટલે કે અંદાજે રૂ.૧૮ હજાર કરોડ રૂપિયાના ફ્રોડ ટ્રાન્ઝેક્શન અટકાવ્યા છે. કંપનીએ દાવો કર્યો છે કે આ કડક કાર્યવાહીના પરિણામે લાખો યુઝર્સ ઓનલાઈન નાણાકીય છેતરપિંડીનો ભોગ બનતા બચી ગયા છે. Appleના સત્તાવાર અહેવાલ અનુસાર, છેલ્લા છ વર્ષમાં કંપનીએ App Store પર કુલ ૧૧.૨ બિલિયન ડોલરથી વધુના શંકાસ્પદ અને ફ્રોડ ટ્રાન્ઝેક્શન રોકવામાં સફળતા મેળવી છે. ઉલ્લેખનીય છે કે, વર્તમાન સમયમાં App Store વિશ્વના ૧૭૫ દેશોમાં કાર્યરત છે અને દર અઠવાડિયે અંદાજે ૮૫ કરોડથી વધુ લોકો તેનો ઉપયોગ કરે છે, જેના કારણે યુઝર્સની સુરક્ષા સુનિશ્ચિત કરવી કંપની માટે મોટો પડકાર છે. કંપનીએ સ્પષ્ટતા કરી છે કે પ્લેટફોર્મ પર ઉપલબ્ધ ફેક એપ્સ, નકલી રિવ્યૂ, સ્પેમ મેસેજ અને પેમેન્ટ ફ્રોડ સામે લડવા માટે અદ્યતન AI આધારિત સિસ્ટમની સાથે હ્યુમન એક્સપર્ટ્સ પણ ચોવીસ કલાક કાર્યરત છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન Appleએ ૯૧ લાખથી વધુ એપ સબમિશનની ઝીણવટભરી ચકાસણી કરી હતી, જેમાંથી સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ૨૦ લાખથી વધુ એપ્સના સબમિશન રદ કરવામાં આવ્યા હતા.




# 'વન નેશન વન ઈલેક્શન'થી ૭ લાખ કરોડ રૂપિયાની બચત થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે આવેલી જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટીના ચેરમેને દાવો કરતા જણાવ્યું હતું કે, 'વન નેશન - વન ઈલેક્શન'થી દેશના સાત લાખ કરોડ રૂપિયા બચી જશે! આ રકમ વિકાસ કામોમાં વાપરી શકાશે.' એટલું જ નહીં તેના કારણે ભારતના જીડીપીમાં પણ ૧.૬ ટકા જેટલો વધારો થવાનો દાવો પણ કરાયો છે. આ દરખાસ્ત સંદર્ભે જુદા જુદા વિભાગોના ઈનપુટનો રિપોર્ટ આપવા તેમણે ગુજરાતના ચીફ સેક્રેટરીને નિર્દેશ આપ્યો હતો.જેપીસીના સભ્યોએ ૨૦મી મેના રોજ ગુજરાતના ચીફ સેક્રેટરી સહિતના અધિકારીઓ, સત્તાપક્ષ ભાજપના પદાધિકારીઓ વગેરે સાથે બેઠક યોજી હતી. આ બેઠક બાદ જેપીસીના ચેરમેને વિગતો આપતા જણાવ્યું હતું કે, 'રાજ્ય સરકારના અધિકારીઓ દ્વારા એક વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરાયું છે. જેમાં અગાઉ ધ્યાનમાં ન લેવાયા હોય તેવા ઘણાં મહત્ત્વના મુદ્દાઓનો સમાવેશ થાય છે. દેશમાં જો એક સાથે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ યોજાય તો સાત લાખ કરોડ રૂપિયા બચાવી શકાય તેમ છે. જેનો ઉપયોગ માળખાકીય સુવિધાઓ વિકસાવવાની સાથે ગરીબોના કલ્યાણ, શિક્ષણ, આરોગ્ય અને જાહેર સુવિધાને લગતા કાર્યો માટે થઈ શકે છે.' કમિટી દ્વારા એક સાથે ચૂંટણીઓ યોજવા અંગે ૧૮ હજાર પાનાનો રિપોર્ટ રજૂ કરાયો છે. જેને સરકારે સ્વીકારી લીધો છે. જેમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ સાથે યોજાયા બાદ ૧૦૦ દિવસમાં પાલિકા-પંચાયતોની ચૂંટણીનું આયોજન કરવાની પણ ભલામણ કરાઈ છે.




# તંત્રી લેખ......

## અમેરિકા-ચીન સંબંધોમાં નવા સમીકરણો

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની તાજેતરની ચીનની મુલાકાત ઘણી રીતે મહત્વપૂર્ણ હતી, કારણ કે તે ભારત અને અન્ય એશિયન દેશોની વિદેશ નીતિ અને વ્યૂહાત્મક દિશાને પણ અસર કરે છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે ટ્રમ્પના હાવભાવે એ પણ સંકેત આપ્યો કે વોશિંગ્ટન નવા શીત યુદ્ધની તીવ્ર દુશ્મનાવટથી આગળ વધી રહ્યું છે અને કેટલાક ક્ષેત્રોમાં બેઈજિંગ સાથે સહઅસ્તિત્વની શક્યતા શોધી રહ્યું છે. ચીન પ્રત્યે અમેરિકાની આ નરમાઈનું મૂળ કારણ એ છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર દક્ષિણ અમેરિકાને તેના મુખ્ય પ્રભાવ ક્ષેત્ર તરીકે જુએ છે અને અગાઉના બિડેન વહીવટીતંત્ર જેટલું એશિયામાં સત્તાનું અનુકૂળ સંતુલન જાળવવા માટે ઉત્સુક નથી.

જોકે, હાલમાં ચીન એકમાત્ર દેશ છે જે વૈશ્વિક સ્તરે અમેરિકાને પડકાર ફેંકે છે. ટ્રમ્પ આ હરીફનો સામનો કરવા માટે પરંપરાગત યુએસ અભિગમ પર અવિશ્વાસ રાખે છે. ઉદાહરણ તરીકે તાઈવાનનો મુદ્દો લો. અમેરિકાએ દાયકાઓથી તાઈવાનની સ્વતંત્રતા અને અસ્તિત્વને ચીની અતિક્રમણથી બચાવવા માટે લશ્કરી સહાય અને સુરક્ષા ખાતરીઓ પૂરી પાડી છે. જો કે, પૂર્વી યુરોપ અને પશ્ચિમ એશિયામાં યુદ્ધોમાં ફસાયા પછી, અને ચીન સાથેના સંબંધોની નાજુકતાને જોતાં, અમેરિકાએ તાઈવાનને ઈ૨૧ બિલિયનથી વધુ મંજૂર પરંતુ ડિલિવર ન કરાયેલા શસ્ત્રોનો બેકલોગ જાળવી રાખ્યો છે.

તાઈવાન અંગે, શી જિનપિંગે બેઈજિંગમાં લાલ રેખા દોરી, ટ્રમ્પને ચેતવણી આપી કે આ મુદ્દાને ખોટી રીતે વધારવાથી ચીન અને અમેરિકા વચ્ચે ખતરનાક સંઘર્ષ થઈ શકે છે. બેઈજિંગથી પાછા ફર્યા પછી, ટ્રમ્પે, જાણે શી જિનપિંગથી પ્રભાવિત થઈને, જાહેર કર્યું કે ચીન એક ખૂબ જ શક્તિશાળી દેશ છે, જે નાના તાઈવાનથી માત્ર ૫૯ માઈલ દૂર સ્થિત છે, જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સ ૯,૫૦૦ માઈલ દૂર છે. તેમણે એમ પણ સૂચવ્યું કે જો તાઈવાનનો સેમિકન્ડક્ટર ઉદ્યોગ, તેની તાકાત માનવામાં આવે છે, તેને યુનાઈટેડ સ્ટેટ્સમાં ટ્રાન્સફર કરવામાં આવે, તો તાઈવાન તેનું મહત્વ ગુમાવશે અને ચીન તેને મરજીથી કબજે કરી શકે છે.

ટ્રમ્પે તાઈવાન પર સંભવિત ચીનના હુમલાની સ્થિતિમાં યુએસ લશ્કરી હસ્તક્ષેપ અંગે પણ કોઈ ખાતરી આપી ન હતી. જાપાનના તાઈવાન સાથેના સુરક્ષા સંબંધોને જોતાં, અમેરિકા દ્વારા સમગ્ર પૂર્વ એશિયાને પોતાના હાથમાં છોડી દેવાની શક્યતા અંગે વધુ અનિશ્ચિતતા ઊભી થઈ છે, જેનાથી ચીની વર્ચસ્વનો ખતરો વધુ વધશે. અગાઉ, એવું લાગતું હતું કે જાપાન, ઓસ્ટ્રેલિયા, ભારત અને દક્ષિણપૂર્વ એશિયાઈ દેશો સાથે મળીને અમેરિકા ચીની આક્રમણ સામે શક્તિનું સંતુલન જાળવવામાં મદદ કરશે, પરંતુ હવે આ માન્યતા તૂટી રહી હોય તેવું લાગે છે. જ્યારે અમેરિકા હજુ પણ ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર પ્રત્યે ગંભીર હોવાનું અને તેની લશ્કરી પ્રવૃત્તિ ચાલુ રાખવાના અહેવાલ છે, ત્યારે ચીનને પાછળ ધકેલી દેવાના તેના ઈરાદાઓ અવિશ્વસનીય લાગે છે. જ્યારે અમેરિકા ભૂ-રાજકીય દ્રષ્ટિએ ચીન પ્રત્યે કટ્ટર વલણ અપનાવી રહ્યું હોય શકે છે, ત્યારે બે મહાસત્તાઓ વચ્ચે આર્થિક અને તકનીકી સ્પર્ધામાં કોઈ નોંધપાત્ર ઘટાડો થતો નથી.

ટ્રમ્પ, જે મૂળમાં એક ઉદ્યોગપતિ છે, અને વેપાર દબાણની વ્યૂહરચનાને સમજે છે, તેમણે ચીનને હાઈ-ટેક નિકાસ પરના નિયંત્રણો હળવા કર્યા નહીં કે તેના પર લાદવામાં આવેલા ૩૧ ટકા વેપાર ટેરિફમાં કોઈ છૂટછાટ આપી નહીં. ચીને દુર્લભ ખનિજોના પુરવઠાને પ્રતિબંધિત કરીને અમેરિકા પર થોડું દબાણ કર્યું, પરંતુ વોશિંગ્ટને બેઈજિંગ પર વ્યાપારી દબાણ સંપૂર્ણપણે હટાવ્યું નથી.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૭૦૩ અને ચાંદીના વાયદામાં રૂ.૩૭૦૦ની નરમાઈઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૨૫૦ તેજ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૨૧૬.૯૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૪૮૮૫૧.૫૭ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૬૨૦૮.૮૦ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૭૫૦૬૮.૫૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૨૧૬.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૪૮૮૫૧.૫૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૨૮૨.૪૫ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૬૨૦૮.૮૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯૯૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૯૯૨ અને નીચામાં રૂ.૧૫૯૧૦૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૬૦૦૦૬ના આગલા બંધ સામે રૂ.૭૦૩ ઘટી રૂ.૧૫૯૩૦૩ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૧૧ ઘટી રૂ.૧૨૭૫૯૯ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૧ ઘટી રૂ.૧૫૯૬૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૩૪ ઘટી રૂ.૧૫૮૭૧૪ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯૧૬૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૫૧૦ અને નીચામાં રૂ.૧૫૮૬૬૪ના મથાળે અથડાઈ, રૂ.૧૫૯૩૯૫ના આગલા બંધ સામે રૂ.૪૯૫ ઘટી રૂ.૧૫૮૯૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૭૨૨૭૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૭૩૧૯૬ અને નીચામાં રૂ.૨૬૯૬૦૧ના મથાળે અથડાઈ, રૂ.૨૭૪૨૬૫ના આગલા બંધ સામે રૂ.૩૭૦૦ ઘટી રૂ.૨૭૦૫૬૫ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૩૧૩૮ ઘટી રૂ.૨૭૪૪૬૯ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૩૦૭૨ ઘટી રૂ.૨૭૪૫૬૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૭૬૮.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૧૦.૫ ઘટી રૂ.૧૩૪૧.૫૫ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો ૮૦ પૈસા ઘટી રૂ.૩૬૯.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.૩.૫ વધી રૂ.૩૮૯.૫૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો ૨૦ પૈસા વધી રૂ.૨૦૨.૪ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૬૧૬૫.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૬૬૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૭૭૮ અને નીચામાં રૂ.૪૬૬૦ના મથાળે અથડાઈ, રૂ.૯૮ વધી રૂ.૪૭૬૧ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.૯૫૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૭૮૭ અને નીચામાં રૂ.૯૩૮૪ના સ્તરને સ્પર્શી, રૂ.૯૪૬૩ના આગલા બંધ સામે રૂ.૨૫૦ વધી રૂ.૯૭૧૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૨૫૬ વધી રૂ.૯૭૧૩ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ ૪૦ પૈસા વધી રૂ.૨૯૧.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો ૪૦ પૈસા વધી રૂ.૨૯૧.૮ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૯૯૧ના ભાવે ખૂલી, રૂ.૭.૩ ઘટી રૂ.૯૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૩ ઘટી રૂ.૨૭૪૧ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૪૫૮.૭૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૭૭૫૦.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૨૩૮.૯૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૨૪.૭૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦.૦૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૬૭૭.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૮.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૭૮૮.૫૬ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૫૮.૬૩ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૨.૮૯ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૧૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૯૧૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૧૮૫૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૩૫૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૧૨૬૧૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૫૬૨૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૦૧૯૭ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૪૮૬૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૯૦૩૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૯૭૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૪૩૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫૩૩૬ લોટના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૧૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૪.૬ વધી રૂ.૨૧૩.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૫ પૈસા ઘટી રૂ.૧.૪ થયો હતો. સોનું મે રૂ.૧૬૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૧.૫ ઘટી રૂ.૨૮૨.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૮૮ ઘટી રૂ.૪૭૦ થયો હતો. તાંબું મે રૂ.૧૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૬૪ ઘટી રૂ.૫ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૪૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૭ પૈસા ઘટી રૂ.૦.૧ થયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૯૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૫૫.૩૫ વધી રૂ.૮૭૫.૧ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૯૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧ ઘટી રૂ.૨.૯ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭૨.૫ ઘટી રૂ.૧૪૩૦.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૧૭.૫ ઘટી રૂ.૫૩૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૭.૮ ઘટી રૂ.૧૮૧.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૫ પૈસા ઘટી રૂ.૩.૮ના ભાવે બોલાયો હતો.

સોનું મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩.૫ વધી રૂ.૪૩૫.૫ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦.૫ ઘટી રૂ.૭૭૦ના ભાવે બોલાયો હતો. તાંબું મે રૂ.૧૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૮૬ વધી રૂ.૭.૧ થયો હતો. જસત મે રૂ.૩૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯૧ પૈસા વધી રૂ.૨.૫ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૯૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૭૯.૬ ઘટી રૂ.૭૨૦.૮૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૫ પૈસા ઘટી રૂ.૩.૮૫ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩ ઘટી રૂ.૬૯૫ થયો હતો. ચાંદી-મિની મે રૂ.૨૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૦૨ વધી રૂ.૩૭૦૫.૫ થયો હતો.

## વડાપ્રધાન રોજગાર મેળા હેઠળ ૨૩ મે, ૨૦૨૬ના રોજ સરકારી વિભાગો અને સંગઠનોમાં નવી નિમણૂંક મેળવનારા યુવાનોને ૫૧,૦૦૦થી વધુ નિમણૂંક પત્રનું વિતરણ કરશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૨૩ મે, ૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે વીડિયો કોન્ફરસિંગ મારફતે રેલવે સહિત વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં નવી નિમણૂંક મેળવનારા ૫૧,૦૦૦ થી વધારે યુવાનોને નિમણૂંક પત્રનું વિતરણ કરશે. આ અવસર પર તેઓ નિમણૂંક મેળવનારા લોકોને સંબોધિત પણ કરશે. આ ૧૯મો રોજગાર મેળો દેશભરના ૪૭ સ્થળોએ આયોજિત કરવામાં આવશે. આ નિમણૂંકો સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં થઈ રહી છે. દેશભરથી પંસદ કરાયેલા નવા કર્મચારીઓ રેલવે મંત્રાલય, સંદેશાવ્યવહાર મંત્રાલય (પોસ્ટ વિભાગ), રક્ષા મંત્રાલય, નાણાં મંત્રાલય સહિત અન્ય વિભાગો અને મંત્રાલયોમાં સામેલ થશે. રોજગાર મેળો, રોજગાર સૃજનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની વડાપ્રધાનની પ્રતિબદ્ધતાને પૂર્ણ કરવાની દિશામાં એક પહેલ છે. રોજગાર મેળા યુવાનોને સશક્ત બનાવવા અને રાષ્ટ્ર નિર્માણમાં તેમની ભાગીદારી માટે સાર્થક અવસર પૂરો પાડવામાં મહત્વની ભૂમિકા ભજવશે. દેશભરમાં રોજગાર મેળાઓ મારફતે અત્યાર સુધીમાં ૧૧.૫૦ લાખથી વધુ નિમણૂંક પત્ર આપી દેવામાં આવ્યા છે. આ અવસર પર પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં પણ રોજગાર મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ રોજગાર મેળા હેઠળ કુલ ૧૧૫ નવા પસંદ કરાયેલા ઉમેદવારોને નિમણૂંક પત્ર વહેંચવામાં આવશે જેમાં રેલવેના ૬૬, નાણાંકિય સેવા વિભાગના ૩૯, પોસ્ટ ઓફિસના ૦૯, રક્ષા મંત્રાલયના ૦૧ ઉમેદવારનો સમાવેશ થાય છે. અમદાવાદમાં આયોજિત રોજગાર મેળા કાર્યક્રમમાં માનનીય કેન્દ્રીય રાજ્યમંત્રી યુવા બાબતો અને રમતગમત મંત્રાલય શ્રીમતી રક્ષા નિખિલ ખડસે, માનનીય રાજ્યમંત્રી શહેરી વિકાસ અને શહેરી આવાસ, ગુજરાત શ્રીમતી દર્શનાબેન વાઘેલા, માનનીય સંસદ સભ્ય શ્રી દિનેશભાઈ મકવાણા, માનનીય સંસદ સભ્ય શ્રી હસમુખભાઈ પટેલ, માનનીય સંસદ સભ્ય (રાજ્યસભા) શ્રી નરહરિ અમીન, માનનીય ધારાસભ્ય શ્રી દિનેશસિંહ કુશવાહ સહિત અન્ય જાણીતા મહેમાનો સમારંભમાં ઉપસ્થિત રહેશે.




### અટોદરા પાટિયા પાસે ચાલતું હતું નકલી હોસ્પિટલનું નેટવર્ક

## સુરતના ઓલપાડમાં બે બોગસ ડોક્ટરો ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા બોગસ ડોક્ટરો વિરૂદ્ધ સુરત ગ્રામ્યમાં વહીવટી તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. સુરતના ઓલપાડ તાલુકામાં કોઈ પણ જાતની માન્ય ડિગ્રી કે લાયકાત વિના દવાખાનું ખોલીને બેઠેલા બે બોગસ ડોક્ટરોને ઓલપાડ આરોગ્ય વિભાગ અને પોલીસે એક સંયુક્ત ઓપરેશનમાં ઝડપી લેવામાં આવ્યા છે.

ઘટનાની મળતી માહિતી અનુસાર, ઓલપાડના અટોદરા પાટિયા વિસ્તારમાં લાંબા સમયથી લાયકાત વગરના બે ક્લિનિક ધમધમી રહ્યા હોવાની બાતમી મળી હતી. જેના આધારે અધિકારીઓએ તપાસ હાથ ધરતા બે બોગસ ડોક્ટરો રંગેહાથ પકડાયા હતા.જેમાં શ્રી હેલ્થ કેર ક્લિનિક ચલાવતી ચાંદની ગુપ્તા અને વંશ હોસ્પિટલ ચલાવતો આર. એસ. વાજાનો સમાવેશ થાય છે.

જ્યારે આરોગ્ય વિભાગ અને પોલીસની ટીમે આ હોસ્પિટલોમાં રેડ કરી હતી, ત્યારે ત્યાં હાજર કથિત ડોક્ટરો પાસે મેડિકલ પ્રેક્ટિસ માટેની કોઈ પણ માન્ય ડિગ્રી કે સર્ટિફિકેટ ન હતા. એટલું જ નહીં, આ હોસ્પિટલોમાં કામ કરતો અન્ય સ્ટાફ પણ બિલકુલ બિનઅનુભવી અને લાયકાત વગરનો હોવાનું સામે આવ્યું છે. ટીમ દ્વારા જ્યારે ડિગ્રી રજૂ કરવા કહેવાયું, ત્યારે આ નકલી ડોક્ટરો કોઈ પુરાવા આપી શક્યા ન હતા.

હાલમાં આરોગ્ય વિભાગ અને પોલીસે આ બંને બોગસ ડોક્ટરો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, અને તેઓ અત્યાર સુધી કેટલા દર્દીઓના જીવ જોખમમાં મૂકી ચૂક્યા છે તે દિશામાં વધુ તપાસ શરૂ કરી છે.

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - ગુરૂવાર, ૨૧/૦૫/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૨૬૬ | ૪૫૦.૦૦ | ૫૮૧.૦૦ |
| ૨ | મગફળી | ૧૭૦ | ૧,૫૬૫.૦૦ | ૨,૦૧૬.૦૦ |
| ૩ | એરંડા | ૫૫ | ૧,૨૮૦.૦૦ | ૧,૩૦૯.૦૦ |
| ૪ | બાજરી | ૧૧૮ | ૩૯૦.૦૦ | ૪૯૬.૦૦ |
| ૫ | મકાઇ | ૨૭૫ | ૪૦૦.૦૦ | ૪૩૨.૦૦ |
| ૬ | ચણા | ૧૪૧ | ૯૦૦.૦૦ | ૧,૧૦૨.૦૦ |
| ૭ | ચણા (કાબુલી ) | ૨૪ | ૧,૨૮૦.૦૦ | ૧,૪૫૪.૦૦ |
| ૮ | મગ | ૨ | ૧,૩૦૦.૦૦ | ૧,૪૬૬.૦૦ |
| ૯ | ગવાર | ૨૫ | ૯૪૬.૦૦ | ૧,૦૦૦.૦૦ |
| ૧૦ | તમાકુ | ૦ | ૧,૨૦૦.૦૦ | ૨,૨૫૦.૦૦ |
| ૧૧ | તમાકુ (ગારીયુ) | ૦ | ૯૫૦.૦૦ | ૧,૩૫૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

## બકરીઈદ ના તહેવારને અનુલક્ષી ગાય અને ગૌવંશ સિવાયના ઘેટા-બકરાં, ભેંસ અને પાડા સહિતના પશુઓની હેરફેર કરનારાઓને હેરાન ન કરવા ડીજીપી કચેરીનો આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

મુસ્લીમ બિરાદરોના આગામી તહેવાર બકરીઈદ ને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજય પોલીસ મહાનિર્દેષક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી (કાયદો અને વ્યવસ્થા) દ્વારા એક અત્યંત મહત્વનો પરીપત્ર જાહેર કરવામાં આવ્યો છે.




ડીજી અને આઈજી ઓફીસની મંજુરીથી પોલીસ મહાનિરીક્ષક (કાયદો અને વ્યવસ્થા) મકરંદ ચૌહાણ દ્વારા રાજયના તમામ પોલીસ કમિશ્નરો, તમામ હેડ ઓફ રેન્જ અને તમામ જિલ્લા પોલીસવડાઓને પત્ર લખીને કડક તકેદારી રાખવાના આદેશો આપવામાં આવ્યા છે. આ સત્તાવાર પરીપત્રનો મુખ્ય વિષય એ છે કે બકરીઈદના તહેવાર દરમિયાન ગાય અને ગૌવંશ સિવાયના પશુઓ જેવા કે ઘેટા બકરા, ભેંસ, પાડા વગેરેની કાયદેસર અને નિયમો અનુસાર હેરફેર કરનારા લોકોને કોઈપણ પ્રકારની બિનજરૂરી કનડગત કે હેરાનગતિ ન થાય તેની ખાસ તકેદારી રાખવી, એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડીયા અને ગુજરાત રાજય એનિમલ વેલ્ફેર બોર્ડની સુચનાઓનુ પાલન કરીને આ પ્રક્રિયા સુનિશ્ચિત કરવા જણાવાયુ છે. જે શહેરો કે જિલ્લાના વિસ્તારોમાં ગેરકાયદેસર પશુઓની હેરાફેરી થવાની સંભાવના હોય, ત્યાં પોલીસે ખાસ સર્વેલન્સ રાખવાનુ રહેશે, જો કોઈ ગેરકાયદેસર હેરફેર કે કતલ થતી જણાય તો ત્યાં તાત્કાલીક રેડ પાડી કાયદેસરની કાર્યવાહી કરવી, ભુતકાળમાં જે વિસ્તારોમાં ગેરકાયદેસર પશુઓની હેરફેર કે ગેરકાયદેસર કતલખાના ચાલતા હોવાના બનાવો બન્યા છે. તેવા વિસ્તારો અને સંડોવાયેલા વ્યકિતઓની ઓળખ પ્રસ્થાપિત કરી તેમના પર કડક વોચ રાખવી અને ઘટીત કાર્યવાહી કરવી, આગામી તહેવાર દરમિયાન પશુઓની હેરફેર કરનાર વ્યકિત પાસે જો કાયદા મુજબના જરૂરી તમામ પરવાના (પરમિશન) હોય તો તેમને કે કાયદેસર રીતે ચાલતા કતલખાનાઓને કોઈપણ તત્વ દ્વારા બિનજરૂરી કનડગત ન થાય તે પોલીસે સુનિશ્ચિત કરવાનુ રહેશે.

પત્રના અંતમાં પોલીસ મહાનિરીક્ષકે સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે તમામ પોલીસવડાઓએ આ સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે, જેથી રાજયમાં કયાંય પણ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાય નહી અને કોઈ અનિચ્છિનિય બનાવ ન બને તે માટેના તમામ આગોતરા પગલા લેવા વિનંતી છે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com


## વાગરામાં ખુલ્લા વાલ્વ સાથે જઈ રહેલું ઝેરી કેમિકલ વેસ્ટનું ટેન્કર ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ઔદ્યોગિક ગઢ ગણાતા ભરૂચ જિલ્લાના વાગરામાં પોલીસની સતર્કતાને કારણે એક મોટી પર્યાવરણીય હોનારત અને અકસ્માત ટળ્યો છે. વાગરા પોલીસે માર્ગ પરથી પસાર થતા ઝેરી કેમિકલ વેસ્ટથી ભરેલા એક એવા ટેકરને ઝડપી પાડ્યું છે, જેનો વાલ્વ ખુલ્લો હતો અને તેમાંથી સતત કેમિકલ લીક થઈ રહ્યું હતું.

આ જોખમી ટેકરમાંથી નીકળતી તીવ્ર દુર્ગંધ અને લીકેજ પર પેટ્રોલિંગમાં રહેલા એક જાંબાઝ પોલીસકર્મીની નજર પડતા જ તેને તાત્કાલિક અટકાવવામાં આવ્યું હતું. આ મામલે વાગરા પોલીસ મથકે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કેમિકલ વેસ્ટ ભરેલું ટેકર ભરૂચના દહેજ ફેઝ-૧ માં GFL કંપનીમાંથી ભરવામાં આવ્યું હતું. ત્યાંથી આ ઝેરી વેસ્ટ કેમિકલ પ્રોસેસિંગ માટે જોટાણા ખાતે આવેલી અનમોલ એગ્રો કંપની તરફ રવાના કરવામાં આવ્યું હતું. ટ્રાન્સપોર્ટેશન દરમિયાન બેદરકારી દાખવીને ટેકરનો વાલ્વ પ્રોપર બંધ કરવામાં આવ્યો ન હતો, જેના કારણે રસ્તા પર કેમિકલ ઢોળાઈ રહ્યું હતું અને હવામાં તીવ્ર કેમિકલ યુક્ત વાયુ પ્રસરી રહ્યો હતો. જો આ ટેકર વસ્તીવાળા વિસ્તારમાંથી પસાર થયું હોત અથવા કોઈ અકસ્માત સર્જાયો હોત તો મોટી દુર્ઘટના ઘટી શકી હોત. સદનસીબે, સમયસર પોલીસકર્મીની તીક્ષ્ણ નજર પડતા ટેકરને જપ્ત કરી લેવાયું છે. વાગરા પોલીસે આ મામલે જીએફએલ કંપની, અનમોલ એગ્રો કંપની અને ટેકર ચાલક વિરુદ્ધ પર્યાવરણના નિયમોના ભંગ તેમજ માનવ જિંદગી જોખમમાં મૂકવા બદલ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.


નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક



PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# L&Tની દેશની સૌથી મોટી ઔદ્યોગિક તાલીમ સંસ્થા વડનગરમાં કાર્યરત બની: નોકરીની ઉજળી તકો

## ગુજરાત સરકારનાં સહયોગથી વડનગર ખાતે લાર્સન એન્ડ ટુબ્રો (L&T) કંપનીએ વિશ્વસ્તરીય તાલીમ સુવિધાઓ સાથે ઈન્ડસ્ટ્રિયલ કન્સ્ટ્રક્શન સ્કિલ્સ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (ICSTI) સ્થાપી છે: અહીંથી બે પાયલોટ બેચનાં કુલ ૨૦૧ તાલીમાર્થીઓની તાલીમ પૂર્ણ પણ થઈ ગઈ છે

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં વતન વડનગરમાં પ્રવેશતા રોડની બાજુમાં વીજળીનાં તાર વગર ઊભેલા ત્રણ વિશાળ ટ્રાન્સમિશન ટાવર સૌનું ધ્યાન ખેંચે છે. આ ત્રણ ટ્રાન્સમિશન ટાવરો હકીકતમાં લાર્સન એન્ડ ટુબ્રો (L&T) કંપની દ્વારા મહેસાણા જિલ્લાના વડનગર ખાતે સ્થાપવામાં આવેલા ઈન્ડસ્ટ્રિયલ કન્સ્ટ્રક્શન સ્કિલ્સ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (ICSTI) ના તાલીમ આપવા માટે ઉભા કરાયેલા 'પ્રેક્ટિકલ મોડેલ' છે. તાલીમાર્થીઓ આ ટાવરોને કેવી રીતે ઉભા કરવા અને પછીથી તેને કેવી રીતે ખોલી નાંખવા તેનો પ્રેક્ટિકલ અનુભવ મેળવે છે.

આવી જ પ્રેક્ટિકલ તાલીમની સુવિધાઓ ૩૦ વીઘા જમીનમાં ફેલાયેલા સંકુલમાં જોવા મળે છે. અહીં તાલીમાર્થીઓને ઉદ્યોગલક્ષી કામો વિશે પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવે છે.

L&T કંપનીએ ગુજરાત સરકારનાં સહયોગથી વડનગર ખાતે વિશ્વસ્તરીય તાલીમ સુવિધાઓ સાથે ઈન્ડસ્ટ્રિયલ કન્સ્ટ્રક્શન સ્કિલ્સ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (ICSTI) સ્થાપી છે. અત્યાર સુંધીમાં બે પાયલોટ બેચના કુલ ૨૦૧ વિદ્યાર્થીઓની તાલીમ પૂર્ણ થઈ ગઈ છે અને તાલીમ પૂર્ણ થયા બાદ, તમામ ઈચ્છુક યુવાનો એલ એન્ડ કંપની દ્વારા રૂપિયા ૧૮,૦૦૦થી ૨૦,૦૦૦નાં સ્ટાઈપેન્ડ સાથે વિવિધ પ્રોજેક્ટો પર કામ કરે છે.

ખાસ વાત એ છે કે, ભાઈઓ અને બહેનો બંને માટે અહીં તાલીમની વ્યવસ્થા કરવામાં આવી છે. તાલીમાર્થીઓ પાસેથી કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી. તમામ માટે રહેવા-જમવાની સુંદર વ્યવસ્થા સંપૂર્ણ મફતમાં આપવામાં આવે છે.

વડનગરના રહેવાસી અને કોમર્સ સ્નાતક રોનક કડીયાને બે મહિના પહેલા ઔદ્યોગિક બાંધકામ તાલીમ સંસ્થા વિશે જાણકારી મળી. અહીં તેમણે ફોર્મવર્ક કાર્પેન્ટ્રી વિભાગમાં પ્રવેશ મેળવ્યો. આ તાલીમ પુરી કર્યા પછી તરત જ તેમને કંપની દ્વારા સ્પાઈપેન્ડ પર કામ પર રાખવામાં આવ્યા અને હાલ રોનક કડીયા અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં મહેમદાવાદ ખાતે કામ કરે છે. લાર્સન એન્ડ ટુબ્રો (L&T) કંપની ભારતની સૌથી મોટી અને અગ્રણી એન્જિનિયરિંગ અને કન્સ્ટ્રક્શન કંપની છે. તે વિશ્વભરમાં વિશાળ અને જટિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું નિર્માણ કરે છે.

"ICSTI-વડનગરમાં મને ઘણું શીખવા મળ્યું. મારી કુશળતામાં વધારો થયો. અત્યારે હું બુલેટ ટ્રેન પ્રોજેક્ટની મહેમદાવાદ સાઈટ પર કામ કરું છું. મારા અનુભવ બાદ મેં મારા મિત્રોને પણ આ સંસ્થામાં તાલીમ લેવા માટે કહુ છું. કારણ કે, આ સંસ્થામાં ઉત્તમ તાલીમ આપવામાં આવે છે અને નોકરીની તકો ઉજળી છે,'' રોનક કડીયાએ પોતાનો અનુભવ જણાવતા કહ્યું.

છેલ્લા ત્રણ મહિનામાં અહીંથી વિવિધ ટ્રેડોમાં ૨૦૧ યુવાનોએ તાલીમ પૂર્ણ કરી છે. તાલીમ પામેલા યુવાનો હાલ સેમીકંડક્ટર ફેબ ઉદ્યોગ (ધોલેરા), બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, મેટ્રો રેલ પ્રોજેક્ટ (અમદાવાદ), સોલર પાવર પ્લાન્ટ (ખંભાળિયા), અને પાણીપત રિફાઈનરી પ્રોજેક્ટ (હરિયાણા) જેવા એલ એન્ડ ટીનાં મોટા પ્રોજેક્ટોમાં રૂપિયા ૧૮,૦૦૦ થી ૨૦,૦૦૦નાં સ્ટાઈપેન્ડ સાથે કામ કરે છે. ICSTI-વડનગર ખાતે બાંધકામ, ઉત્પાદન ક્ષેત્રો, અને નવા ઉદ્યોગો વિશે તાલીમ આપવામાં આવે છે. ઉદ્યોગોની માંગ અને કુશળતાની જરૂરિયાત અનુસાર ૪૫, ૬૦ અથવા ૯૦ દિવસના કોર્ષ ચલાવવામાં આવે છે. આ સંસ્થામાં ૨૦થી વધુ ટ્રેડોમાં તાલીમ આપવામાં આવે છે, જે દેશભરમાં એલ એન્ડ ટી દ્વારા સંચાલિત તમામ સ્કિલ ટ્રેઈનીંગ સેન્ટરો કરતા સૌથી વધુ છે.

"એલ એન્ડ ટીનું સ્કિલ ટ્રેનિંગ ફ્રેમવર્ક યુ.કે(UK)ના કન્સ્ટ્રક્શન ઈન્ડસ્ટ્રી ટ્રેનિંગ બોર્ડ (CITB) ના ધારાધોરણો પર આધારિત છે.



કન્સ્ટ્રક્શન સ્કિલ્સ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટે (CSTI) CITB ના માર્ગદર્શન હેઠળ અભ્યાસક્રમ તૈયાર કર્યો છે, જેથી વૈશ્વિક માપદંડ પ્રમાણે તાલીમનાં ધોરણો અહીં ગોઠવેલા છે.'' L&T ICSTI-વડનગરના વડા નિરંજન મિશ્રાએ જણાવ્યું.

"ICSTI દ્વારા તાલીમ મેળવનાર યુવાનોને તેમની વિવિધ ટ્રેડમાં કુશળતાનાં આધારે લેવલ-૨, લેવલ-૩ અથવા લેવલ-૪માં વર્ગીકૃત કરવામાં આવે છે. તાલીમ પૂર્ણ થયા બાદ ઉમેદવારોને ન્શ્ના મોટા કન્સ્ટ્રક્શન અને હાઈડ્રોકાર્બન પ્રોજેક્ટોમાં નેશનલ એપ્રેન્ટિસશિપ પ્રમોશન સ્કીમ (NAPS) હેઠળ ૨૪ મહિના અને પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ સ્કીમ (PMIS) હેઠળ ૯ મહિના માટે જોડવામાં આવે છે, એટલે કે, કુલ ૩૩ મહિના માટે તેમને સ્ટાઈપેન્ડ સાથે કામ કરવાની તક મળે છે,'' L&T ICSTI-વડનગરના વડા નિરંજન મિશ્રાએ વધુમાં જણાવ્યું.

"NAPS કાર્યક્રમ હેઠળ બે વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ ઉમેદવારો ફ્રન્ટ લાઈન સુપરવાઈઝર (FLS) પદ માટે પાત્ર બને છે. સાથે જ બે વર્ષ બાદ આંતરરાષ્ટ્રીય પ્લેસમેન્ટની તક પણ આપવામાં આવે છે,'' નિરંજન મિશ્રાએ નોકરીની ઉજળી તકો વિશે જણાવ્યું.

વડનગર સ્થિત આ નવી તાલીમ સંસ્થા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સ્કિલ ઈન્ડિયા મિશનના વિઝનને આગળ વધારે છે. આ સંસ્થા લાખો યુવાનોને ઉદ્યોગલક્ષી કુશળતા આપીને રોજગાર અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપે છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર ઉદ્યોગો સાથે ભાગીદારી કરી રાજ્યભરમાં સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરોની સ્થાપના દ્વારા યુવાનોમાં ઉદ્યોગલક્ષી નવી કુશળતા વિકસે તેના માટે સતત પ્રયત્નશીલ છે.

**★વડનગરમાં આટલા વ્યવસાયોમાં તાલીમ આપવામાં આવે છે**

વડનગર સ્થિત ICSTIમાં કુલ ૨૦થી વધુ ટ્રેડોમાં તાલીમ આપવામાં આવે છે, જેમાં ફોર્મવર્ક-કાર્પેન્ટ્રી, બાર બેન્ડિંગ અને સ્ટીલ ફિક્સિંગ, સ્કેફોલ્ડિંગ, પ્રી-સ્ટ્રેસિંગ, મેસનરી, પ્લાસ્ટરિંગ, ટાઈલિંગ, વેટ પાર્ટિશન, પ્લમ્બિંગ અને સેનિટરી, ઈલેક્ટ્રિશિયન, કૉંક્રિટ લેબોરેટરી અને ફિલ્ડ ટેસ્ટિંગ, સર્વેઈંગ, વેલ્ડિંગ, પાઈપ ફિટિંગ, HVAC, ફાયર ફાઈટિંગ, પ્લાન્ટ એન્ડ મશીનરી (P&M), ઓપરેશન્સ એન્ડ મેન્ટેનન્સ (WET), સોલાર ટ્રાન્સમિશન ટાવર ઈરેકશન, ELV ટેલિકોમ્યુનિકેશન, સોલાર PV ટેક્નિશિયન, CCTV, FLS, EHS, IOT અને TOT સહિતના કોર્સનો સમાવેશ થાય છે.

**★તાલીમ સહિત રહેવા - જમવાની તમામ સુવિધા મફત**

તાલીમાર્થીઓને (ભાઈઓ અને બહેનો બંને) કોઈ પણ પ્રકારની ફી ચૂકવવાની જરૂર નથી અને રહેવા-જમવાની સુવિધા પણ L&T કંપની દ્વારા સંપૂર્ણ મફતમાં આપવામાં આવે છે. પુરુષો અને મહિલાઓ માટે રહેવા માટે અલગ હોસ્ટેલની વ્યવસ્થા, સ્ટાફ માટે રહેવાની વ્યવસ્થા, ડાઈનિંગ અને કિચન સુવિધા, રમત-ગમતનું મેદાન, ધ્યાન અને યોગ હોલ, જિમ, હેલ્થકેર, ટીવી રૂમ અને ઈન્ડોર ગેમ્સ જેવી મનોરંજનની સુવિધાઓ પણ સંકુલમાં ઉપલબ્ધ છે.

"અહીં તાલીમાર્થીઓને ઓપન યાર્ડ, વર્કશોપમાં વિશ્વસ્તરીય સ્કિલ ડિઝાઈન તથા સ્પેશિફિકેશન સાથે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ટ્રેનિંગ આપવામાં આવે છે. ઉપરાંત, કૉંક્રિટ અને સ્ટીલ એલિમેન્ટ્સના 'રેડી ટુ બિલ્ડ' ફેક્ટરીમાં પ્રેક્ટિકલ અનુભવ પણ આપવામાં આવે છે.

**★માત્ર આઠ મહિનામાં સંસ્થા ઉભી કરવામાં આવી**

રાજ્ય સરકારે યુવાનોની કુશળતા વધે તે માટે L&T કંપનીને માત્ર થોડાક દિવસોમાં જમીન ફાળવી હતી. જમીન મળ્યા પછીનાં માત્ર આઠ જ મહિનામાં કંપનીએ રાજ્ય સરકારનાં સહયોગથી આ સંકુલમાં તમામ વ્યવસ્થા ઉભી કરી કાર્યરત કરી દીધી.

L&T કંપનીએ તેના CSR (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) વિભાગ મારફતે ૧૦ માર્ચ, ૨૦૨૫ના રોજ ગુજરાત સરકાર સાથે વડનગરમાં સ્કિલ્સ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ સ્થાપવા માટે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટાન્ડિંગ (MoU) પર હસ્તાક્ષર થયા હતા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ૨૦૧ તાલીમાર્થીઓ સાથે સંસ્થા કાર્યરત બની. આ તારીખે (૧૭ સપ્ટેમ્બર) વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો ૭૫મો જન્મદિવસ પણ હતો.

**★કોને પ્રવેશ મળી શકે ?**

૧૮ થી ૩૫ વર્ષની વયનાં કોઈ પણ ઉમેદવાર અહીં ચાલતા કોર્ષોમાં પ્રવેશ લઈ શકે છે. શૈક્ષણિક લાયકાત ટ્રેડ પ્રમાણે નક્કી થાય છે. સિવિલ ટ્રેડનાં કોર્ષ માટે ધોરણ ૫ પાસ ઉમેદવારો પણ પ્રવેશ લઈ શકે છે, જ્યારે અન્ય કોર્ષો માટે ITI પાસ હોવું જરૂરી છે.જો કોઈ વ્યક્તિ આ સંસ્થામાં તાલીમ મેળવવા ઈચ્છુક હોય તો સંસ્થાનાં આ નંબર પર સંપર્ક કરી શકે છે.

પ્રવેશ મેળવવા માટે સંપર્ક નંબર: ૭૦૪૩૫૬૮૪૩૭, ૯૦૯૯૦૩૬૭૩, ૭૦૧૬૮૧૩૦૬૨

# ૫ જૂનની પોરબંદર–મુઝફ્ફરપુર એક્સપ્રેસ પરિવર્તિત માર્ગથી ચાલશે

યાત્રિયોની સુવિધા અને સુરક્ષિત રેલ સંચાલન સુનિશ્ચિત કરવા માટે પૂર્વોત્તર રેલવેના વારાણસી મંડળ હેઠળ ઉનૌલા–પિપરાઈચ રેલખંડ વચ્ચે પેચ ડબલિંગ કામ તેમજ પ્રી-નોન ઈન્ટરલોકિંગ (Pre-NI) અને નોન ઈન્ટરલોકિંગ (NI) કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરીને કારણે પશ્ચિમ રેલવે દ્વારા સંચાલિત ટ્રેન નંબર ૧૯૨૬૯/૧૯૨૭૦ પોરબંદર–મુઝફ્ફરપુર–પોરબંદર એક્સપ્રેસ નિર્ધારિત તારીખોએ પરિવર્તિત માર્ગથી ચાલશે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે ટ્રેન નંબર ૧૯૨૬૯ પોરબંદર–મુઝફ્ફરપુર એક્સપ્રેસ તા. ૫ જૂન, ૨૦૨૬ના રોજ તેના નિર્ધારિત માર્ગ ગોરખપુર–પનિયહવા–નરકટિયાગંજ–મુઝફ્ફરપુરના બદલે ગોરખપુર–ભટની–છપરા ગ્રામિણ–મુઝફ્ફરપુર માર્ગથી ચાલશે. આ દરમિયાન આ ટ્રેન નીચેના સ્ટેશનો પર રોકાશે નહીં: સિસવા બાજાર, બગહા, નરકટિયાગંજ, બેતિયા, સુગૌલી, બાપુધામ મોતીહારી, ચકિયા અને મેહસી. ટ્રેન નંબર ૧૯૨૭૦ મુઝફ્ફરપુર–પોરબંદર એક્સપ્રેસ તા. ૨૪ મે, ૩૧ મે, ૧ જૂન, ૭ જૂન અને ૮ જૂન, ૨૦૨૬ના રોજ તેના નિર્ધારિત માર્ગ મુઝફ્ફરપુર–નરકટિયાગંજ–પનિયહવા–ગોરખપુરના બદલે મુઝફ્ફરપુર–છપરા ગ્રામિણ–ભટની–ગોરખપુર માર્ગથી ચાલશે. આ દરમિયાન આ ટ્રેન નીચેના સ્ટેશનો પર રોકાશે નહીં: મહેસી, ચકિયા, બાપુધામ મોતીહારી, સુગૌલી, બેતિયા, નરકટિયાગંજ, બગહા અને સિસવા બાજાર. રેલવે પ્રશાસન મુસાફરોને વિનંતી કરે છે કે મુસાફરી શરૂ કરતા પહેલાં પોતાની ટ્રેનની નવીનતમ માહિતી માટે NTES (National Train Enquiry System) અથવા વેબસાઈટ www. enquiry. indianrail. gov.in નો ઉપયોગ કરે.

# સૌરાષ્ટ્રના ઓટોપાર્ટસ ઉદ્યોગમાં લોકડાઉન જેવી સ્થિતિ : ૩ શિફટનુ કામ ૧ શિફટમાં સમેટાયું: ઉદ્યોગકારોની ઉંઘ ઉડી

પ્રતિનિધિ,ગાંધીનગર




અમેરીકા અને ઈરાન વચ્ચે વધતા યુધ્ધના તણાવ ની અસર હવે ગુજરાતના ઔદ્યોગીક હબ રાજકોટ સુધી પહોચી છે. વિશ્વભરમાં સર્જાયેલા અનિશ્ચિત માહોલને કારણે રાજકોટના એન્જીનીયરીંગ અને ઓટોપાર્ટસ ઉદ્યોગને મોટો ઝટકો લાગ્યો છે. એક સમયે ૨૪ કલાક ધમધમતા કારખાનાઓમાં હવે મશીનોની ધીમી ગતિ પડી ગઈ છે. ૩ શિફટમાં ચાલતુ ઉત્પાદન હવે માત્ર એક જ શિફટ સુધી સિમિત રહી ગયુ છે. જેના કારણે હજારો મજુરો અને નાના વેપારીઓની ચિંતામાં વધારો થયો છે.

રાજકોટ શહેર અને જિલ્લામાં અંદાજીત ૧૧ હજાર થી ૧૨ હજાર જેટલા નાના મોટા કારખાનાઓ આવેલા છે, જેમાંથી મોટાભાગના કારખાનાઓ એન્જીનીયરીંગ, કાસ્ટિંગ, ઓટોપાર્ટસ અને મશીનરી ઉત્પાદન સાથે જોડાયેલા છે. પહેલેથી જ મંદીના માહોલનો સામનો કરી રહેલા ઉદ્યોગકારોને હવે આંતરરાષ્ટ્રીયના યુધ્ધના માહોલે વધુ મુશ્કેલીમાં મુકી દીધા છે. કાચા માલના ભાવમાં વધારો, કન્ટેનર ખર્ચમાં ભારે ઉછાળો અને એકસપોર્ટ ઓર્ડરમાં ઘટાડો થતા સમગ્ર ઉદ્યોગ ચિંતિત બન્યો છે. એન્જીનીયરીંગ એસોસીએશનના પ્રમુખ નરેન્દ્ર પાયાણીના જણાવ્યા અનુસાર યુધ્ધ પહેલા જ માર્કેટમાં મંદીનો માહોલ હતો, પરંતુ હવે સ્થિતિ વધુ ખરાબ બનતી જાય છે. ખાસ કરીને વિદેશમાં માલ મોકલવા માટે કન્ટેનરના ભાડામાં યુદ્ધ બાદ દસગણો વધારો નોંધાયો છે. જેના કારણે નાના અને મધ્યમ ઉદ્યોગકારો માટે એકસપોર્ટ કરવો મુશ્કેલ બન્યો છે. ઘણા ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ વિદેશ ગ્રાહકો સાથે થયેલા ઓર્ડર ફરીથી રીવાઈઝ કરાવી રહ્યા છે, કારણ કે મેટલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે.

તો બીજી તરફ લોકડાઉન જેવી અફવાઓએ પણ પરિસ્થિતિને વધુ ગંભીર બનાવી છે. હજારોની સંખ્યામાં પરપ્રાંતિય મજુરો રાજકોટ છોડીને પોતાના વતન તરફ જવા લાગ્યા છે.

મજુરોની અછત સર્જાતા ઉત્પાદન ક્ષમતા ઉપર સીધી અસર પડી રહી છે. જો આગામી દિવસોમાં યુદ્ધની સ્થિતિ વધુ ગંભીર બનશે તો રાજકોટના ઉદ્યોગક્ષેત્ર માટે વધુ પડકારજનક પરિસ્થિતિ ઉભી થઈ શકે છે. નવા નાણાંકીય વર્ષમાં ઉદ્યોગોને નવા ઓર્ડર પર નહીવત મળી રહ્યા છે, અનેક કારખાનેદારો હવે ઉત્પાદન ઘટાડવા, ખર્ચ કાપવા અને મજુરોની સંખ્યા ઓછી કરવા જેવા નિર્ણયો લેવા મજબુર બન્યા છે. રાજકોટ જે ગુજરાતનુ મહત્વનુ ઔદ્યોગિક કેન્દ્ર માનવામાં આવે છે ત્યાં સર્જાતી આ સ્થિતિ રાજયની અર્થવ્યવસ્થા માટે પણ ચિંતાજનક સંકેત માનવામાં આવી રહી છે.

### ડાંગના ચિંચલી ગામ પાસે આવેલ 'નેચરલ મેંગો ફોરેસ્ટ' પણ જૈવવિવિધતા વારસાના સ્થળો તરીકે પ્રસ્તાવિત છે

# ભુજ ખાતે ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ અને વન વિભાગ -કચ્છ વર્તુળના સંયુક્ત ઉપક્રમે 'આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસ-૨૦૨૬'ની ઉજવણી કરાશે

## ગુજરાતની પ્રથમ 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ' તરીકે જાહેર કરાયેલ ગુનેરીની ઈનલેન્ડ મેન્ગ્રુવના કચ્છ ખાતે વિશેષ કાર્યક્રમ યોજાશે

ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં દર વર્ષે તા. ૨૨ મેના રોજ 'આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણાથી તેમજ વન-પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા અને રાજ્ય મંત્રી શ્રી પ્રવીણ માળીના માર્ગદર્શનમાં ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ દ્વારા તા. ૨૨ મે-૨૦૨૬ના રોજ કચ્છ જિલ્લામાં 'આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસ-૨૦૨૬'ની ઉજવણી કરવામાં આવનાર છે.આ વર્ષે ઉજવણી માટે કચ્છ જિલ્લાના લખપત તાલુકાના ગુનેરી ગામ નજીક આવેલ ગુજરાતની પ્રથમ 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ' – ઈનલેન્ડ મેન્ગૃવ ઈકોસિસ્ટમનું વિશેષ મહત્વ રહેલું છે. આ સ્થળ તેની અનોખી પર્યાવરણીય વિશેષતાઓને કારણે માત્ર ગુજરાત માટે જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે પણ જૈવવિવિધતાના સંરક્ષણ માટે પ્રેરણારૂપ છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક સ્તરે નાગરિકોની સહભાગિતાથી જૈવવિવિધતાનું સંરક્ષણ અને ટકાઉ ઉપયોગ સુનિશ્ચિત કરવાનો છે. કાર્યક્રમ દરમિયાન જૈવવિવિધતા સંરક્ષણ અંગે વિશેષ વ્યાખ્યાન, પ્રદર્શન, વૃક્ષારોપણ, જાગૃતિ પ્રવૃત્તિઓ તેમજ સ્થાનિક જૈવવિવિધતા વ્યવસ્થાપન સમિતિઓ-BMCના સભ્યો સાથે સંવાદ યોજાશે. કાર્યક્રમમાં વિવિધ ગ્રામ્ય જૈવવિવિધતા વ્યવસ્થાપન સમિતિઓના સભ્યો, મહિલાઓ, વિદ્યાર્થીઓ, યુવાનો, પરંપરાગત જ્ઞાન ધરાવતા વૈદ્યો અને સ્થાનિક નાગરિકો ભાગ લેશે. આ વર્ષ ૨૦૨૬ની થીમ 'સ્થાનિક સ્તરે કાર્ય – વૈશ્વિક સ્તરે પ્રભાવ' આપણને એ સંદેશ આપે છે કે જૈવવિવિધતાનું સંરક્ષણ માત્ર સરકારો અથવા વૈશ્વિક સંસ્થાઓની જવાબદારી નથી, પરંતુ ગામ, શહેર અને સ્થાનિક સમુદાય સ્તરે કરવામાં આવતા નાના પ્રયાસો પણ સમગ્ર વિશ્વ પર સકારાત્મક અસર કરી શકે છે. પાણી, જંગલો, જમીન, વન્યજીવો અને પરંપરાગત જ્ઞાનનું સંરક્ષણ કરીને જ ભવિષ્યની પેઢીઓ માટે સ્વસ્થ અને સંતુલિત પર્યાવરણનું નિર્માણ શક્ય બનશે.

**ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડની ભૂમિકા**

ગાંધીનગર સ્થિત ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ દ્વારા જૈવવિવિધતા અધિનિયમ, ૨૦૦૨ની જોગવાઈઓ મુજબ રાજ્યભરમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ ખાતે જૈવવિવિધતા વ્યવસ્થાપન સમિતિઓ-BMCની રચના કરવામાં આવે છે. આ સમિતિઓ દ્વારા લોકોના સહભાગથી પીપલ્સ બાયોડાયવર્સિટી રજિસ્ટર-PBR તૈયાર કરવામાં આવે છે, જેમાં સ્થાનિક જૈવવિવિધતા, પરંપરાગત જ્ઞાન અને કુદરતી સંસાધનોનું દસ્તાવેજીકરણ કરવામાં આવે છે. ઉપરાંત, લાભોની પ્રાપ્તિ અને વહેંચણી (ABS)ની વ્યવસ્થા દ્વારા સ્થાનિક સમુદાયોને જૈવવિવિધતાના સંરક્ષણ માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. રાજ્યમાં જૈવવિવિધતા મહત્વ ધરાવતા વિસ્તારોને 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ-BHS' તરીકે જાહેર કરવાની પ્રક્રિયા પણ બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવે છે. જેના અનુસંધાને વર્ષ ૨૦૨૫માં કચ્છ જિલ્લાના ગુનેરી ખાતે આવેલ ઈનલેન્ડ મેન્ગૃવ વિસ્તારને ગુજરાતની પ્રથમ બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ તરીકે જાહેર કરવામાં આવી હતી. ઉપરાંત ડાંગ જિલ્લાના ચિંચલી ગામ પાસે આવેલ 'નેચરલ મેંગો ફોરેસ્ટ'ને પણ BHS તરીકે જાહેર કરવાની પ્રક્રિયા હાલ પ્રગતિમાં છે.

ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ દ્વારા રાજ્યભરમાં જૈવવિવિધતા જાગૃતિ માટે વિવિધ કાર્યશાળાઓ, તાલીમ કાર્યક્રમો, રેડિયો કાર્યક્રમો, શાળાકીય સ્પર્ધાઓ, પ્રદર્શન તેમજ વિશેષ દિવસોની ઉજવણી કરવામાં આવે છે. જેના માધ્યમથી જૈવવિવિધતાના સંરક્ષણ માટે લોકોમાં જાગૃતિ અને સહભાગિતા વધારવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

**'આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસ' વિશે:**

જૈવવિવિધતા સંરક્ષણ માટે સંયુક્ત રાષ્ટ્રની બેઠક વર્ષ ૧૯૯૨માં બ્રાઝીલના રિઓ ડી જેનેરો ખાતે યોજાયેલી "અર્થ સમિટ" દરમિયાન "કન્વેન્શન ઓન બાયોલોજીકલ ડાયવર્સિટી-CBD" અસ્તિત્વમાં આવ્યું. જે ૨૯ ડીસેમ્બર, ૧૯૯૩થી અમલમાં આવ્યું છે. ભારત સહિત આજે ૧૯૦ થી વધુ દેશોએ આ કરાર સ્વીકાર્યો છે. CBDના ત્રણ મુખ્ય લક્ષ્યો છે: જૈવવિધતાનું સંરક્ષણ કરવું, તેના ઘટકોનો ટકાઉ ઉપયોગ કરવો અને ઉત્પન્ન લાભોની વ્યાજબી અને સમાન વહેંચણી કરવી. હકીકતમાં કન્વેન્શન ઓન બાયોલોજીકલ ડાયવર્સિટી-CBD ૨૯ ડીસેમ્બર ૧૯૯૩ના રોજ અમલમાં આવી હતી પરંતુ ઘણા દેશોમાં હોલિડે આવતો હોવાથી યોગ્ય ઉજવણી કરવી મુશ્કેલ હતી. જેથી યુનાઈટેડ નેશન્સ જનરલ અસેમ્બ્લીએ ૨૨ મે ને આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસ ઘોષિત કર્યો, જે ૨૨ મે ૧૯૯૨ના રોજ નૈરોબી ફાઈનલ એક્ટ દ્વારા જૈવિક વિવિધતા ટેક્સ્ટને અપનાવવાની યાદમાં છે. જેથી તેના મહત્વને દર્શાવવા માટે આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસ ૨૨ મેના રોજ ઉજવવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિનની ઉજવણીનો મુખ્ય હેતુ લોકોમાં જૈવવિધતાના મહત્વની જાણકારી આપવી, પ્રાકૃતિક સંસાધનોની જાળવણીનું મહત્વ સમજાવવું અને વિવિધ સ્તરે લોકો અને સંસ્થાઓને જૈવ સંરક્ષણ માટે પ્રોત્સાહિત કરવાનો છે. વધુમાં, કચ્છ જિલ્લો તેની અનન્ય પર્યાવરણીય વિશેષતાઓ, સાંસ્કૃતિક વારસા અને સમૃદ્ધ જૈવવિવિધતા માટે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે આગવું સ્થાન ધરાવે છે. કચ્છનો વિશાળ વિસ્તાર યુનેસ્કો દ્વારા માન્યતા પ્રાપ્ત બાયોસ્ફિયર રિઝર્વ ક્ષેત્ર સાથે સંકળાયેલો છે, જે અહીંના વૈવિધ્યસભર પર્યાવરણ અને કુદરતી સંપદાનું પ્રતિબિંબ આપે છે. ઉપરાંત, તા. ૨૯ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગુજરાતની પ્રથમ 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ' તરીકે જાહેર કરાયેલ કચ્છ જિલ્લાના લખપત તાલુકાના ગુનેરી ગામ ખાતે આવેલ 'ઈનલેન્ડ મેન્ગૃવ ઈકોસિસ્ટમ' વૈશ્વિક સ્તરે અતિ દુર્લભ પરિસ્થિતિઓમાં જોવા મળતા મેન્ગૃવ પરિતંત્રોમાંનું એક છે.

વિશ્વમાં ગણતરીની જગ્યાઓ પર જ જોવા મળતા આવા ઈનલેન્ડ મેન્ગૃવમાંથી એક ગુજરાતના કચ્છ જિલ્લામાં આવેલ હોવું રાજ્ય માટે ગૌરવ સમાન છે. - જનક દેસાઈ

# સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી તરીકે શ્રી એચ પી પટેલે ચાર્જ સંભાળ્યો: જિલ્લા પંચાયત કચેરી ખાતે એચ પી પટેલનુ ઉષ્માભેર સ્વાગત કરાયું

પ્રતિનિધિ,ગાંધીનગર



સાબરકાંઠા જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ) તરીકે શ્રી એચ પી પટેલે આજે ગુરૂવારે વિધીવત રીતે કાર્યભાર સંભાળી લીધો હતો. હિંમતનગર સ્થિત જિલ્લા પંચાયત કચેરી ખાતે નવનિયુકત ડીડીઓનુ આગમન થતા ઉપસ્થિત વિવિધ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તેમનુ ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યુ હતું. પદગ્રહણ કર્યા બાદ તેમણે જિલ્લાના વિકાસ કાર્યોને પ્રાથમિકતા આપવાની નેમ વ્યકત કરી હતી. ૨૦૨૧ ની બેચના ગુજરાત કેડરના ભારતીય વહિવટી સેવા (આઈએએસ) ના અધિકારી શ્રી એચ પી પટેલે એક ઉચ્ચ શૈક્ષણિક અને વહિવટી પૃષ્ઠભુમિ ધરાવે છે. તેમણે બી.ઈ. (ઈલેકટ્રીકલ એન્ડ ઈલેકટ્રોનીકસ કોમ્યુનિકેશન ) નો અભ્યાસ કર્યો છે. જે તેમની તકનીકી ક્ષમતા સુચવે છે. પોતાની વહિવટી કારકિર્દી દરમિયાન તેઓ અનેક મહત્વના હોદ્દાઓ પર સેવા આપી ચુકયા છે. સાબરકાંઠા જિલ્લામાં નિમણુંક પામતા પહેલા તેઓ જુનાગઢ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી તરીકે સફળતાપૂર્વક ફરજ બજાવી ચુકયા છે. જયાં તેમની કાર્યશૈલીની નોંધ લેવામાં આવી હતી. આ ઉપરાંત તેમણે મુખ્યમંત્રી કાર્યાલયમાં ઓફીસર ઓન સ્પેશ્યલ ડયુટી (ઓએસડી) જેવી અત્યંત જવાબદારીપૂર્વકની ભુમિકા પણ નિભાવી છે.

# ફ્રી ફાયર ગેમને લઈ પિતાએ ઠપકો આપતાં ત્રણ ભાઈ-બહેન ઘર છોડી ભાગી ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરમાંથી વાલીઓ માટે ચિંતાજનક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. મોબાઈલ ગેમના વધતા વ્યસન વચ્ચે હવે એવી ઘટના પ્રકાશમાં આવી છે જેમાં Free Fire ગેમ રમવા બાબતે પિતાએ ઠપકો આપતા ત્રણ બાળકો ઘરેથી નીકળી ગયા હોવાનું સામે આવ્યું છે. ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચિંતા ફેલાવી છે અને વાલીઓને પણ સતર્ક રહેવાની જરૂરિયાત ફરી એકવાર યાદ અપાવી છે.મળતી માહિતી મુજબ ઘટના સુરત શહેરના ચોક બજાર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલા વેડરોડ વિસ્તારમાં બની છે. વેડરોડના પંડોળ વિસ્તારમાં આવેલી સહયોગ પાવરલૂમ્સ સોસાયટી ખાતે રહેતા એક પરિવારના ત્રણ બાળકો ૧૯ મે, ૨૦૨૬ની મધરાત બાદ ઘરેથી નીકળી ગયા હતા.

પરિવારજનોએ જણાવ્યું કે બાળકો વારંવાર મોબાઈલમાં Free Fire ગેમ રમતા હતા. ગેમના કારણે અભ્યાસ તેમજ રોજિંદી પ્રવૃત્તિઓ પર અસર થતી હોવાના કારણે પિતાએ બાળકોને સમજાવ્યા હતા અને ગેમ ન રમવા માટે ટોક્યા હતા. જોકે આ બાબતને લઈને ત્રણેય બાળકો નારાજ થઈ ગયા હોવાનું સામે આવ્યું છે.

ઘરેથી નીકળી ગયેલા બાળકોમાં ૧૪ વર્ષીય ધર્મેશકુમાર, ૧૧ વર્ષીય અવધેશકુમાર અને ૯ વર્ષીય પિંકીનો સમાવેશ થાય છે. ત્રણેય ભાઈ-બહેન ૧૯ મેની રાત્રે અંદાજે ૧:૩૦ વાગ્યાથી સવારે ૫:૩૦ વાગ્યા દરમિયાન કોઈને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયા હતા.

સવારે પરિવારજનોને બાળકો ઘરમાં ન દેખાતા શોધખોળ હાથ ધરવામાં આવી હતી. સગાસંબંધીઓ, ઓળખીતાઓ અને આસપાસના વિસ્તારોમાં તપાસ છતાં બાળકોનો કોઈ પત્તો ન મળતા મામલો ચોક બજાર પોલીસ સુધી પહોંચ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ ચોક બજાર પોલીસ સક્રિય બની ગઈ હતી. પોલીસે બાળકોની શોધ માટે અલગ-અલગ દિશામાં તપાસ શરૂ કરી છે. આસપાસના વિસ્તારોમાં લગાવવામાં આવેલા CCTV કેમેરાની ફૂટેજ ચકાસવામાં આવી રહી છે જેથી બાળકો કઈ દિશામાં ગયા તેની માહિતી મળી શકે.

# પોરબંદર મનપામાં દારૂના નશામાં ધૂત સફાઈ કર્મચારીનો હાઈવોલ્ટેજ ડ્રામા: કમલાબાગ પોલીસે કરી અટકાયત

(સંપૂર્ણ સમાચાર સેવા)પોરબંદર

પોરબંદર મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગમાં દારૂના નશામાં એક સફાઈ કર્મચારી દ્વારા હંગામો મચાવવાનો બનાવ સામે આવ્યો છે. નશામાં ધૂત કાયમી સફાઈ કર્મચારીએ કચેરીમાં ઉપસ્થિત અરજદારો અને સ્ટાફ સાથે ગેરવર્તન કર્યું હોવાના આક્ષેપ થયા છે. ઘટનાના કારણે મનપા કચેરીમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને હાજર લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ કર્મચારી એટલો નશામાં હતો કે તેણે જાહેરમાં અર્ધનગ્ન થવાનો પ્રયાસ કર્યો હતો. સાથે જ ઉપસ્થિત લોકોને ગાળો ભાંડી અને ઉશ્કેરણીજનક વર્તન કર્યું હતું. ઘટનાને કારણે કચેરીમાં આવેલા અરજદારો અને કર્મચારીઓ અસ્વસ્થ બન્યા હતા. સમગ્ર ઘટનાનો વીડિયો પણ કેટલાક લોકોએ મોબાઈલમાં કેદ કર્યો હોવાની ચર્ચા છે.

ઘટનાની ગંભીરતા જોતા ઉપસ્થિત લોકોએ ૧૧૨ પર કોલ કરી પોલીસને જાણ કરી હતી. માહિતી મળતા જ કમલાબાગ પોલીસ સ્ટેશનની ટીમ સ્થળ પર પહોંચી હતી અને નશામાં ધૂત કર્મચારીને કાબૂમાં લઈ અટકાયત કરી હતી.

મહિલા સુરક્ષાની વાતો માત્ર હવા ભરેલો ફુગ્ગો?

# બળાત્કારના આરોપી હિન્દુવાહિનીના સભ્યનો જામીન પર છુટકારો થતાં હાર પહેરાવીને યુપીમાં ખભા પર બેસાડી સ્વાગત કરાયું

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત આ દેશ હવે ક્યાં જઈ રહ્યો છે? એ કહેવું તો દીઠ વિચારવું પણ વિચારવા જેવુ છે. કારણ એક બાજુ મહિલા સુરક્ષા, મહિલા આરક્ષણ અને મહિલાઓની સલામતી ની હવા હવાઈ જેવી હવા ભરેલા ફુગ્ગા જેવી વાતો અને બીજી બાજુ કાયદાની વિદ્યાર્થીની પર બળાત્કારના આરોપી હિન્દુ યુવા વાહિનીના પૂર્વ સભ્ય સુશિલ પ્રજાપતિ ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદની જેલમાંથી જામીન પર છૂટ્યા બાદ તેમનું ફૂલોની માળાથી સ્વાગત કરવામાં આવ્યું. અને હીરો જેવુ સ્વાગત કરીને આરોપીને સન્માન આપવામાં આવ્યાનો એક વિડીયો બનાવ્યો હતો. જામીન ઉપર મુક્ત થયા પછી તરત જ સફેદ પોશાક પહેરેલા અને ગલગોટાની માળા પહેરેલા બળાત્કારના આરોપીએ રોડ શો કર્યો. જેનાથી આક્રોશ ફેલાયો. વીડિયોમાં તેના સમર્થકો તેને ખભા પર બેસાડી લઈ જતા સૂત્રોચ્ચાર કરતાં અને વિજય રેલીની જેમ સરઘસ કાઢતા, હાથ મિલાવતા અને સ્મિત સાથે દેખાતા આરોપીઓની આસપાસના માણસો "V" ચિહ્ન બતાવતા જોઈ શકાય છે અને અન્ય લોકો તેમના મોબાઈલ ફોનથી હવામાં ઉછાળતા જોઈ શકાય છે. જે ચાલી રહેલી ઘટનાઓ રેકોર્ડ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આરોપી પર એવો આરોપ છે કે, આરોપી એ કાયદાનો અભ્યાસ કરતી એક વિદ્યાર્થીનીને વકીલ સાથે પરિચય કરાવવાના બહાને એક ફ્લેટમાં લઈ ગયો અને તેના પર બળાત્કાર ગુજાર્યો. લગભગ નવ મહિના પછી આરોપીને ૧૭ મે ના રોજ જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો. આ ઘટના અંગે પોલીસનું કહેવું છે કે, તેઓ વાયરલ થયેલા વીડિયોની તપાસ કરી રહ્યા છે કે જેમાં સમર્થકો આરોપી પર ફૂલોનો વરસાદ કરતા અને વાહનોના કાફલામાં ભાગ લેતા દર્શાવવામાં આવ્યા છે. હવે જોવાનું એ છે કે આવા આરોપીને પોલીસ કાયદાના કેવા પાઠ ભણાવી આરોપીની શાન ઠેકાણે લાવે છે?

# વસ્તી ગણતરીના નામે થતી છેતરપીંડીથી સાવધાન: ગુજરાત પોલીસની જાહેર જનતાને અપીલ

પ્રતિનિધિ,ગાંધીનગર



આજના ડીઝીટલ યુગમાં સાયબર ગુન્હેગારો અવનવી ટેકનીક દ્વારા લોકોને છેતરી રહ્યા છે. ત્યારે તાજેતરમાં ગુજરાત સહિત દેશના મોટા ભાગના રાજયોમાં ડીઝીટલ વસ્તી ગણતરીની શરૂઆત થતા હવે ડીઝીટલ ફ્રોડ નુ એક નવુ રૂપ જોવા મળ્યુ છે. વસ્તી ગણતરી (સેન્સસ) ના બહાને નાગરીકોને શિકાર બનાવવાનુ એક મોટુ સાયબર ક્રોભાંડ બહાર આવ્યુ છે. સાયબર માફીયાઓ દ્વારા આચરવામાં આવતી આ છેતરપીંડી થી રાજયના નાગરીકો સુરક્ષિત રહે તે હેતુથી ગુજરાત પોલીસ દ્વારા એક મહત્વની એડવાઈઝરી જાહેર કરી લોકોને સાવચેત રહેવા તાકીદ કરવામાં આવી છે. કપટી તત્વોથી સાવધાન રહેવા અને સહેજ પણ બેદરકારી ન દાખવવા પોલીસ તંત્ર દ્વારા ખાસ અનુરોધ કરાયો છે. વસ્તી ગણતરીના નામે છેતરપીંડીની કેટલાક સાયબર માફીયાઓ નવી તરકીબો અજમાવી રહ્યા છે. જેમાં (૧) વસ્તી ગણતરીની પ્રક્રિયાના ભાગરૂપે અજાણ્યા નંબરો પરથી નાગરીકોને અંગત વિગતો અપડેટ કરવા આવતા ફોન, મેસેજ કે વોટસએપ (૨) નકલી લીંક કે અજાણી એપ્લીકેશન (એપીકે ફાઈલ) ડાઉનલોડ કરવા માટે થતો આગ્રહ (૩) આ બાબતે ગુજરાત પોલીસે ચેતવણી આપતા સ્પષ્ટ કહ્યુ છે કે જો કોઈ નાગરીક આવી નકલી લીંક ઓપન કરે છે કે અજાણી એપીકે ફાઈલ પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરે છે તો તેનાથી તેમનો આખો ફોન હેક થઈ જાય છે, ફોન હેક થતા જ સાયબર ગુન્હેગારો બેંકિંગ વિગતો ચોરીને ગણતરીની મીનીટોમાં જ નાગરીકોનુ આખુ બેંક ખાતુ સાફ કરી શકે છે અને મોટુ આર્થિક નુકશાન પહોંચાડી શકે છે. કેન્દ્ર કે રાજય સરકાર ક્યારેય પણ વસ્તી ગણતરીના કામકાજ માટે ફોન પર કોઈ ઓટીપી, બેંક ખાતાની વિગતો કે આધારકાર્ડ ની ગુપ્ત માહિતી માંગતી નથી, તેની નાગરીકોને ખાસ નોંધ લેવા અને સજાગ રહેવા ગુજરાત પોલીસ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે. જાગૃત બનો, સુરક્ષિત રહો ના સુત્ર સાથે પોલીસે તમામ નાગરીકોને આ સાયબર ફ્રોડથી બચવા અને અન્યોને પણ જાગૃત કરવા આહવાન કર્યુ છે.

સુરત મ્યુ.કમિશ્નર શહેરી વિકાસ ખાતા ધ્વારા જર્જરિત ઈમારતોને વહેલી તકે ઉતારાવી જનતાનું જોખમ ઓછું કરે

# શહેરમાં જર્જરિત થઈ ગયેલી તમામ મિલકતોનો ચોમાસા પહેલા સર્વે કરાવવો જરૂરી

**શહેરી વિકાસ ખાતુઃ સુરતમાં જર્જરિત થઈ ગયેલી સરકારી સહિત ખાનગી અને જે મિલકતદારોને ભયજનક ઈમારતો માટે નોટિસો પાઠવવામાં આવી છેઃ એ તમામ મિલકતો વિના વિલંબે ઉતારાવી ચોમાસામાં બનતી જાનમાલની ઘટનાથી શહેરી જનોનું રક્ષણ કરે**

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત શહેરમાં ગરમીનો પારો ઊંચો જઈ રહ્યો છે. શહેરીજનો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે. ત્યારે એકાદ માસ પછી ચોમાસાની સીઝન શરૂ થઈ જશે. એ સમયે આપણે વાત કરવી છે.

શહેરમાં જેટલી ખાનગી કે સરકારી ઈમારતો આવેલી છે. અને જે ભયજનક દશામાં છે એવી મિલકતોના માલિકોને માત્ર નોટિસો પાઠવી બેસી રહેવાથી કંઈ દહાડો વળશે નહીં. એવા મકાન માલિકો હોય કે ટ્રસ્ટીઓ હોય એમની ઉપર કડક કાર્યવાહી કરીને પ્રજાના જાનનું જોખમ ઓછું કરવું જરૂરી છે. હમણાં આશરે બે માસ પહેલા કરવા રોડની એક જર્જરિત મિલકતનો ત્રીજો માળ એકાએક ધડાકાભેર વહેલી સવારે ૩:૪૫ થી ૪:૦૦ વાગ્યા દરમ્યાન તૂટી પડયો હતો. એ તો સદનસીબી કે કોઈ હતું નહીં એટલે કોઈ મોટી દુર્ઘટના બની નહીં.

આ પછી S.M.C એ નોટિસ પાઠવ્યા પછી પણ ટ્રસ્ટીઓના પેટનું પાણી નહીં હાલતા આખરે S.M.C એ જર્જરિત મકાન તોડી પાડયુ હતું. હવે આપણે વાત કરીએ રાજ્યમાં ચોમાસુ શરૂ થાય એ પહેલા સુરત મ્યુનિસિપલ કમિશનરે શહેરી વિકાસ ખાતા દ્વારા શહેરની તમામ સરકારી કે ખાનગી માલિકીની જર્જરિત મિલકતોનો સંપૂર્ણપણે સર્વે કરાવીને ચોમાસાની શરૂઆત પહેલા આવી જર્જરિત મિલકતો ઉતાવડાવી જોઈએ. જેથી આવી મિલકતોની આજુબાજુની મિલકતોનું જોખમ ઓછું થાય અને ચોમાસામાં કોઈનું જાન-માલનું નુકસાન ના થાય.

એટલું જ નહીં આ કામ ઝોન વાઈઝ કરાવીને જર્જરિત મકાનો, જર્જરિત દીવાલો, જર્જરિત ફ્લેટો સહિત તમામ જોખમ કારક મિલકતો નો સર્વે કરાવી એવી મિલકતોની યાદી બનાવી એમાં રહેનારાઓને ચેતવણી આપવા સાથે વહેલી તકે એ મિલકતો ખાલી કરાવવી જરૂરી છે. સાથે સાથે કડક સૂચના આપી એવા મિલકતદારોને ચોમાસાની શરૂઆતમાં જ સ્વૈચ્છિક રીતે જર્જરિત મિલકત ઉતારી લેવાની ચેતવણી પણ આપવી જરૂરી છે. ભૂતકાળમાં પણ ચોમાસા દરમ્યાન શહેરના વિવિધ વિસ્તારોમાં જૂની જર્જરિત મિલકતોનો કેટલોક ભાગ તૂટી પડયા ના સમાચારો અખબારોમાં રોજે રોજ ચમકી રહ્યા હતા. ત્યારે પ્રજાના હિત ખાતર અખબારી ધર્મ બજાવીને સુરત મહાનગરપાલિકાના મ્યુ. કમિશનર ની સાથે સાથે શહેરી વિકાસ ખાતા ના ઝોન ચીફોનું પણ આ બાબતે ધ્યાન દોરી ભયજનક મિલકતોને વહેલી તકે ઉતારવી લે એ જ અપીલ કરે છે.

હવે જોવાનું એ છે કે સુરત મહાનગરપાલિકામાં નવા વરાનારા મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષ આવી ગંભીર બાબતો એ કેવા ગંભીર બનીને પ્રજાના હિતને કેટલું પ્રાધાન્ય આપે છે એ જ જોવું રહ્યું.

વાવ-થરાદ ડ્રગ્સ કેસમાં મોટો ધડાકોઃ

# ઝડપાયેલા ૩ આરોપી શખ્સમાંથી ૨ ભાજપ સાથે જોડાયેલા હોવાનો દાવોઃ ૧ પાલિકા સદસ્યનો સગોભાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર




વાવ-થરાદ જિલ્લામાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) પોલીસે ડ્રગ્સ માફીયા સામે અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી કરી છે. મોડી સાંજે પોલીસે મળેલી બાતમીના આધારે એક કારમાંથી લાખો રૂપીયાનો એમડી ડ્રગ્સ ઝડપી પાડી ૩ આરોપી શખ્સોની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં જ આ કેસમાં મોટો રાજકીય ધડાકો થયો છે. જેમાં પકડાયેલા આરોપીઓ સત્તાધારી પક્ષ ભાજપ સાથે સંકળાયેલા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવતા સમગ્ર પંથકમાં ચર્ચાનો માહોલ ગરમાયો છે. મળતી માહિતી અનુસાર થરાદ એસઓજી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે સરહદી વિસ્તારમાં કાર મારફતે ડ્રગ્સની મોટી ડીલીવરી થવાની છે. પોલીસે આયોજનબધ્ધ રીતે વોચ ગોઠવીને શંકાસ્પદ કારને આંતરી તેની તપાસ કરી હતી. કારમાંથી અંદાજે ૬૬.૭૫૦ ગ્રામ એમડી ડ્રગ્સ મળી આવ્યુ હતુ. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજીત ૨,૨૦,૨૫૦ રૂપીયા થાય છે. પોલીસે ડ્રગ્સના જથ્થા સાથે ગુન્હામાં વપરાયેલી કાર અને મોબાઈલ સહિત કુલ ૭,૧૨,૭૫૦ રૂપીયાનો મુદામાલ જપ્ત કર્યો છે. પોલીસે સ્થળ પરથી સુરેશ ડાયા ત્રિવેદી, બાબુ હીરા રાઠોડ અને રાણા જગા ચૌધરીની અટકાયત કરી છે. પોલીસે આ ત્રણેય વિરૂધ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુન્હો નોંધી તેમની સત્તાવાર ધરપકડ કરી છે. આ કેસમાં સૌથી મોટો ધડાકો ત્યારે થયો જયારે પકડાયેલા આરોપીઓની કુંડળી બહાર આવી, ડ્રગ્સનો જથ્થો મંગાવનાર મુખ્ય ઈસમ થરાદ નગરપાલિકાના વોર્ડ નં.૫ ના એક ભાજપના નગરસેવક નો સગોભાઈ હોવાનુ બહાર આવ્યુ છે. આ ઉપરાંત પકડાયેલા ત્રણ પૈકીના અન્ય એક આરોપી પણ સત્તાધારી પક્ષ ભાજપ સંગઠન સાથે સીધો જોડાયેલો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ રાજકીય કનેકશન બહાર આવતા જ સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. વાવ-થરાદ સરહદી વિસ્તાર હોવાના કારણે છેલ્લા કેટલાક સમયથી વાવ-થરાદ માં ડ્રગ્સનુ નેટવર્ક કાળો કેર વર્તાવી રહ્યુ હોવાની વ્યાપક ફરીયાદો ઉઠી હતી. આ ઓપરેશનથી ડ્રગ્સના ગેરકાયદે કાળા કારોબાર સાથે જોડાયેલા તત્વોમાં ફફડાટ વ્યાપી ઉઠયો છે. આ ડ્રગ્સ કયાંથી લાવવામાં આવ્યુ હતું ? સરહદી વિસ્તારમાં આ નેટવર્ક પાછળ અન્ય કોઈ મોટા માથાઓ સંકળાયેલા છે ? તે તમામ દિશામાં એસઓજી પોલીસે ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

# ભુપેન્દ્ર પટેલની સરકાર ભુમાફીયા ટોળકીને સમર્થન કરતી હોવાનો આક્ષેપઃ ચંદુભાઈ ભીખાભાઈ સહિતની ત્રિપુટીએ કરોડો રૂપીયાનો સરકારને ચુનો લગાડયો

પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના મતવિસ્તાર ભાડજ ગામે ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના નામે બોગસ સ્કીમ ઉભી કરી સરકારી જમીનો ઉપર ક્રિષ્ણા રો-હાઉસના નામે આવાસ ઉભા કરી તંત્રની મીલીભગતથી બોગસ ભળતા નામ વાળા લાભાર્થીઓના ચુંટણીકાર્ડ, આધારકાર્ડ સહિતના દસ્તાવેજો બનાવડાવી કરોડો રૂપીયાનો ચુનો લગાડવામાં આવ્યો હોવાનુ રમણભાઈ સોમાભાઈ પ્રજાપતિએ કબુલ્યુ હોવાનુ લેખિતમાં જણાવ્યુ છે. આ ટોળકીના







કહેવાતા મુખ્ય સુત્રધાર વરીયા પ્રજાપતિ સમાજના પ્રમુખ ચંદુભાઈ ભીખાભાઈ પ્રજાપતિ, દિપક ઈશ્વરભાઈ પટેલ, કલ્પેશ ઈશ્વરભાઈ પ્રજાપતિ ત્રણેય ત્રિપુટીએ ભેગા મળી આ સરકારી કરોડો રૂપીયાની જમીન ઉપર આવાસ બનાવી બોગસ દસ્તાવેજો સાથે બોગસ ખોટા લાભાર્થીઓને દસ્તાવેજો કરી આપવાનો અંજામ આપ્યો હોવાનુ બહાર આવ્યુ છે. આ અંગે લાભાર્થીઓ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત પંચાયત વિભાગ અને ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડમાં લેખિતમાં ફરીયાદો કરી હોવા છતાં આજ દીન સુધી આ ત્રિપુટી બિલ્ડર વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા ભાજપ સરકારને જાણે ભ્રષ્ટાચાર માં રસ હોય તેમ ગરીબોના હક્કનો કોળીયો ખાઈ જનાર બિલ્ડર ત્રિપુટી વિરૂધ્ધ કેમ કાર્યવાહી કરવામાં આવતી નથી તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે.

# જામનગરમાં મેલોડી ચોકલેટ વહેંચીને સરકારની નીતિઓનો આમ આદમી પાર્ટી દ્વારા વિરોધઃ પોલીસે કાર્યકરોની કરી અટકાયત

**મેલોડી ઈતની ચોકલેટી કયુ હૈ? ના નારા સાથે કલેકટર કચેરી ગુંજી ઉઠ્યું : બંગાળ થી ઈટાલી થઈને મેલોડી જામનગર આવી**

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

દેશમાં પેટ્રોલ અને ડીઝલના સતત વધી રહેલા ભાવોને લઈને આજે ગુરૂવારે જામનગરમાં આમ આદમી પાર્ટી દ્વારા મોંઘવારીના મુદ્દે કેન્દ્ર સરકાર સામે એક અત્યંત અનોખો દેખાવ કર્યો હતો.

જેમાં આમ આદમી પાર્ટીના કાર્યકરોએ કલેકટર કચેરી ખાતે સામાન્ય જનતા અને કર્મચારીઓને મેલોડી ચોકલેટ વહેંચીને સરકારની આર્થિક નીતિઓ પર આકરા પ્રહારો કર્યા હતા. જો કે પ્રદર્શન ઉગ્ર બનતા પોલીસે તમામ કાર્યકરોની અટકાયત કરી હતી. આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ રાજેન્દ્રસિંહ



સોઢાની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં કાર્યકરો સુત્રોચ્ચાર સાથે જિલ્લા કલેકટર કચેરીએ પહોંચ્યા હતા. ત્યાં તેમણે ઈંધણના ભાવમાં તાત્કાલીક ઘટાડો કરવાની માંગ સાથે આવેદનપત્ર આપ્યા બાદ કાર્યકરોએ કચેરી પરીસરમાં પ્રતિકાત્મક રીતે મેલોડી ચોકલેટનુ વિતરણ કર્યુ હતું. ટીવી એડવર્ટાઈઝમેન્ટ ના ડાયલોગ મેલોડી ઈતની ચોકલેટી કયુ હે ? (મેલોડી આટલી ચોકલેટી કેમ છે ?) નો ઉપયોગ કરીને કાર્યકરોએ સરકાર સામે કટાક્ષ કર્યો હતો કે જનતા મોંઘવારીમાં પીસાઈ રહી છે અને શાસકો પોતાની ધુનમાં મસ્ત છે. આમ આદમી પાર્ટીના કાર્યકરોમાં રાજકીય કટાક્ષ કરતી એક ટીપ્પણી ભારે ચર્ચાનો વિષય બની હતી. કાર્યકરો કહી રહ્યા હતા કે આ આખો સીન બંગાળ થી શરૂ થયો હતો, જે જાલમુળી બાદ ઈટાલી સુધી પહોચ્યો અને હવે એ જ મેલોડી ચોકલેટ વાયા થઈને આખરે જામનગર સુધી પણ પહોચી ગઈ છે. ઘરણાં અને ચોકલેટ વિતરણના કારણે કલેકટર કચેરી ખાતે અફરા તફરીનો માહોલ સર્જાતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મંજુરી વિના દેખાવો કરી રહેલા જિલ્લા પ્રમુખ સહિત આમ આદમી પાર્ટીના તમામ કાર્યકરોની અટકાયત કરી હતી. ત્યારબાદ તમામને પોલીસવાનમાં બેસાડીને પોલીસ હેડકવાર્ટર ખાતે લઈ જવામાં આવ્યા હતા. જો કે પરિસ્થિતિ શાંત પડતા થોડીવાર બાદ તમામ કાર્યકરોને મુક્ત કરવામાં આવ્યા હોવાનુ જાણવા મળ્યુ છે. મુક્ત થયા બાદ આમ આદમી પાર્ટીના આગેવાનોએ મીડીયા સમક્ષ જણાવ્યુ હતુ કે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાનો સીધો બોજ સામાન્ય અને મધ્યમવર્ગની જનતાની કમર તોડી રહ્યો છે. ટ્રાન્સપોર્ટ મોંઘુ થતા શાકભાજી અને કરીયાણાના ભાવ પણ ભડકે બળી રહ્યા છે. જો સરકાર વહેલી તકે ભાવ ઘટાડો નહી કરે તો આગામી દિવસોમાં સમગ્ર ગુજરાતમાં આનાથી પણ વધુ ઉગ્ર અને આક્રમક આંદોલન કરવામાં આવશે.

# વકફ મિલ્કતોના સંરક્ષણ માટે ડીઝીટલ રજીસ્ટ્રેશન ફરજીયાતઃ ગુજરાત વકફ બોર્ડ દ્વારા ઉમ્મીદ પોર્ટલ પર નોંધણી કરવાની અંતિમ તારીખ ૨૬ મે ૨૦૨૬

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત રાજય વકફ બોર્ડ દ્વારા રાજયભરની વકફ સંપત્તિઓમાં પારદર્શિતા લાવવા અને તેના કાયદેસર સંરક્ષણને મજબુત કરવા માટે એક મહત્વપૂર્ણ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. બોર્ડ દ્વારા તમામ વકફ સંસ્થાઓ, મુતવલ્લીઓ, ટ્રસ્ટીઓ અને હિતધારકોને ઉમ્મીદ પોર્ટલ પર તાત્કાલીક નોંધણી પૂર્ણ કરવા માટે અંતિમ અપીલ કરવામાં આવી છે. આ ડીઝીટલ નોંધણી કરાવવા માટેની આખરી તારીખ ૨૬ મે ૨૦૨૬ નકકી કરવામાં આવી છે. વકફ બોર્ડે સ્પષ્ટ કહ્યુ છે કે ઉમ્મીદ એકટ-૨૦૨૬ અંતર્ગત આપવામાં આવેલી આ સમયમર્યાદા આખરી છે અને તેમાં કોઈપણ સંજોગોમાં વધારો કરવામાં આવશે નહી. વકફ બોર્ડના જણાવ્યા અનુસાર ઉમ્મીદ પોર્ટલ માત્ર એક સામાન્ય ઓનલાઈન પ્રક્રિયા નથી, પરંતુ વકફ મિલ્કતોના ભવિષ્યને સુરક્ષિત રાખવાનુ એક મોટુ કદમ છે. આ પોર્ટલના માધ્યમથી રાજયની તમામ વકફ મિલ્કતોની વિગતો, આવક, કાયદાકીય દસ્તાવેજો અને વહિવટી માહિતી એક જ જગ્યાએ ડીઝીટલ સ્વરૂપે એકત્રિત થશે, તમામ વિગતો ઓનલાઈન થવાથી વહિવટી કામગીરી વધુ સુવ્યવસ્થિત બનશે, પરિણામે વકફ મિલ્કતો પર થતા ગેરકાયદેસર કબ્જા, વિવાદો અને આર્થિક ગેરરીતીઓ પર કાયમી રોક લગાવી શકાશે.

બોર્ડના ધ્યાને આવ્યુ છે કે વારંવારની સુચનાઓ છતાં હજુ પણ રાજયની અનેક વકફ સંસ્થાઓએ પોતાના જરૂરી દસ્તાવેજો અપલોડ કરીને નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરી નથી, અંતિમ તારીખ નજીક હોવા છતાં વિલંબ કરવો એ વકફ સંસ્થાઓ માટે ભારે પડી શકે છે. જો નિયત સમય મર્યાદામાં નોંધણી નહી થાય તો આગામી સમયમાં સંબંધિત સંસ્થાઓએ વહિવટી, કાયદાકીય અને દસ્તાવેજી મોરચે મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે અને તેના માટે સંસ્થા પોતે જ સંપૂર્ણ જવાબદાર રહેશે. આ કામગીરી માત્ર એક ઔપચારીક સરકારી પ્રક્રિયા કે ફરજ નથી, પરંતુ વકફ સંપત્તિઓનુ રક્ષણ કરવા અને આવનારી પેઢીઓ માટે તેનુ સંવર્ધન સુનિશ્ચિત કરવા માટે દરેક હિતધારકોની સામુહિક સામાજિક જવાબદારી છે. નોંધણી પ્રક્રિયા દરમિયાન જો કોઈ મુતવલ્લી અથવા ટ્રસ્ટીને ટેકનીકલ સમસ્યા આવે અથવા માર્ગદર્શનની જરૂર હોય તો વકફ બોર્ડના અધિકારીઓ સતત સહાય માટે ઉપલબ્ધ છે. આ માટે ખાસ હેલ્પ લાઈન નંબરો પણ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ૯૨૨૭૯ ૭૯૧૯૧ / ૯૨૨૭૯ ૭૯૧૯૨ હેલ્પલાઈન નંબર ઉપર જરૂરી માહિતી મળી રહેશે. ગુજરાત રાજય વકફ બોર્ડે રાજયના તમામ મુતવલ્લીઓ અને સામાજિક અગ્રણીઓને અપીલ કરી છે કે તેઓ વિલંબ કર્યા વિના સચોટ માહિતી સાથે આ પ્રક્રિયામાં પોતાનો સક્રિય સહયોગ આપે જેથી વકફ ની સંપત્તિઓને વધુ સુરક્ષિત અને પારદર્શક બનાવી શકાય.

# ગુજરાતમાં આજથી બે દિવસ ભારે વરસાદની આગાહીઃ કડાકા ભડાકા સાથે વરસાદ પડવાની આગાહી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં એકતરફ કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત છે. તો બીજી તરફ હવામાન વિભાગ દ્વારા ભરઉનાળે ફરી એકવાર કમોસમી વરસાદની મોટી આગાહી કરવામાં આવી છે. વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ અને લોકલ વેધર સિસ્ટમના કારણે રાજયના વાતાવરણમાં અચાનક પલ્ટો આવવાની સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં આજથી બે દિવસ સુધી રાજયના દરીયાકાંઠાના અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વિજળીના કડાકા ભડાકા અને તીવ્ર પવન સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. જેના કારણે ખેડુતોમાં ફરી ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતવાર આગાહી મુજબ આજે તારીખ ૨૨ મે ના રોજ સૌરાષ્ટ્રના ગીરસોમનાથ અને અમરેલી ઉપરાંત દક્ષિણ ગુજરાતના નવસારી, ડાંગ તેમજ સંઘ પ્રદેશ દમણ અને દાદરાનગર હવેલી ના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા પડી શકે છે. તો બીજી તરફ આવતી કાલે ૨૩ મે ના રોજ વરસાદનો વ્યાપ વધવાની સંભાવના છે. આ દિવસે ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર, નવસારી, તાપી, ડાંગ, વલસાડ તેમજ દમણ અને દાદરાનગર હવેલી વિસ્તારમાં ગાજવીજ અને તેજ પવન સાથે માવઠુ થવાની પ્રબળ સંભાવના વ્યકત કરવામાં આવી છે.

એકતરફ કમોસમી વરસાદની આશંકા છે. તો બીજી તરફ ગરમીના મોરચે કોઈ મોટી રાહત મળવાના સંકેત નથી, હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી ૭ દિવસ




સુધી રાજયના સરેરાશ તાપમાનમાં કોઈ ખાસ મોટો ફેરફાર થવાની શકયતા નથી અને અસહ્ય ગરમીનો દોર યથાવત રહેશે. રાજયના મોટાભાગના છુટછવાયા વિસ્તારોમાં મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડીગ્રી થી વધુ જ નોંધાશે. જો કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાતના મુખ્ય ભુમિભાગ, સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ દિવ-દમણ અને દાદરાનગર હવેલી માં હવામાન સંપૂર્ણપણે સુકુ અને ગરમ રહ્યુ હતું.